વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનનું સમત્સ સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ


વર્ષ : ૪, અંક : ૪, જુન - ૨૦૧૩ ❖ છુટક નકલ કિંમત રૂ. ૫-૦૦



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ
ચંદનના વાઘા

## ધોલેરાધામ ખાતે યોજાયેલ શ્રી મદનમોહનજી મહારાજનો પાટોત્સવ











## શ્રી સ્વામિનારાયણ આશ્રમ હરિદ્વારા ખાતે યોજાયેલા દ્વિદશાબ્દી મહોત્સવ














Web Site :
www.vadtalmandir.org

E-mail address :

vsm191@yahoo.co.in

**Subscription**

(india)
1 year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)

**Year - 4**
**Volume - 4**
**June - 2013**

# Shree Vadtaldham Satsang

## જેઠે જીવન ચાલીયા...

જેઠે જીવન ચાલીયા, નિર્મોહી મારા નાથ;
દર્શન વિના દુ:ખીયો ઘણો, સર્વે વ્રજનો સાથ...૧
અંતર તાપ વિયોગનો, બાહેરથી લૂ વાય;
મળ્યા વિના હવે માવજી, જુગતુલ્ય રજની થાય...૨
ફળીયામાં ઘોડીને ફેરતા, છોગા ધરતા શિર;
તે દિન કેદી દેખાડ્શો, ડોલરીયા જગદીશ...૩
પ્રાણજીવનજી પુરીયે, હૈડા કેરી હામ;
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રી ઘનશ્યામ...૪

**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776

# અનુક્રમણિકા











| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | **''આધ્યાત્મમંથન'' - ૧૯**<br>- સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૦૩ |
| ૨ | **સદ્‌ગુણમૂર્તિ સદ્. શ્રી આધારાનંદ સ્વામીનું જીવનદર્શન**<br>- સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી | ૦૬ |
| ૩ | **શ્રી સુંદરજીભાઈ સોની-મેઘપુર**<br>- શા.સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૧૦ |
| ૪ | **પ્રાર્થના**<br>- સ્વામી શ્રી વિવેકસાગરદાસજી | ૧૪ |
| ૫ | **શિક્ષાપત્રી - A Management Mannual**<br>- ડો. સુરેશ પટેલ | ૧૮ |
| ૭ | **સંસ્થા સમાચાર** | ૨૩ |
| ૮ | **માસિક ભેટ નામાવલી** | ૨૪ |

આધ્યાત્મ મંથન - ૧૯

# ‘દિવસનું મુખડું’

લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી - કંડારી ગુરુકુલ
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ



(ગતાંકથી ચાલું)

ફોટોગ્રાફરની એક પ્રચલિત ઉક્તિ છે કે, “આપનું મુખ હસતું રાખો, બાકીનું અમે સંભાળી લેશું.” આ વાત આપણી જિંદગીને પણ એટલી જ લાગું પડે છે. જ્યારે સવારે આપણે જાગીએ છીએ ત્યારે આપણો દિવસ શરૂ થાય છે. એ વખતે આપણું મુખ સહતું હોય છે કે સોગિયું હોય છે એનું ઘણું મહત્ત્વ છે. દિવસનું મુખડું કેવું રહે છે તેના ઉપર બાકીના દિવસનો ઘણો આધાર હોય છે.

ગીતો લખનાર કવિઓ અને તુરંત જ મુખડું બેસાડનાર સંગીતકારો આ વાત બહુ સારી રીતે સમજે છે. એ જ રીતે સવારમાં જાગતા સમયે આપણું મુખડું પ્રફુલ્લિત હોય તો આખો દિવસ સારો થાય છે. મોટા ભાગની ગરબડો સવારમાં જ શરૂ થાય છે. પ્રથમ તો જાગવાનું નક્કી કર્યું હોય તે સમયે જાગી શકાતું નથી. આખો દિવસ સમય પાછળ દોડતા માણસો ખરેખર સવારથી જ મોડા પડતા હોય છે. માણસને પરાણે જગાડવો પડે છે, જ્યારે પશુ-પક્ષીઓ નિયત સમયે જાગી જ જાય છે.

ઘણા જાગ્યા પછી પથારીમાં બેસી રહે છે, ઘણા જાગીને છાપું વાંચવા બેસી જાય છે અને શાંત મનને અશાંત બનાવી દે છે. દુનિયામાં અને દેશમાં શું બની રહ્યું છે તે જાણવું તે બરાબર છે, પરંતુ શરૂઆત એનાથી કરવી એ બરાબર નથી. અરે ! ઘણા સાધુ - સંતો પણ નાહીને સીધા ઓફિસમાં જઈ છાપાના મુખ્ય મુખ્ય પ્રસંગો જોઈ છે પછી પૂજા કરવાનું શરૂ કરે છે. વિચાર કરો કે પ્રથમ છાપું છાંચીને પછી પૂજા કરે તેનું મન પૂજામાં રહેતું હોય કે પેપરના પ્રસંગોમાં રમતું હોય ? આવી ટેવ જેને હોય તેનું દરેકનું મન પેપરના પ્રસંગોને વાગોળતું હોય છે અને તન કેવળ પૂજામાં બેઠું હોય છે. દિવસનું મુખડું જ છાપાના છાંચનથી બાંધવું એ સારું ન કહેવાય.

સવારના સમયનો ભાગ સારી રીતે ઉપયોગમાં લેવો જોઈએ. પ્રથમ સ્નાન કરી પોતપોતાના ઈષ્ટદેવની પૂજા-પ્રાર્થના કરવી જોઈએ, તેથી મન સ્વસ્થ થાય છે. પછી શરીરને ટટ્ટારને સ્ફૂર્તિલું બનાવવા માટે થોડી કસરત કરવી જોઈએ ને થોડી ચોખ્ખી હવા લઈ તનને સ્વસ્થ કરવું જોઈએ; આ રીતે સવારનું મુખડું તૈયાર કરવું જોઈએ.

એક આંધળો માણસ તેના મિત્રને મળીને રાત્રે પાછો ફરતો હતો ત્યારે પેલાએ કહ્યું : “મિત્ર ! તારી સાથે તું મારું ફાનસ લઈ જા.” ત્યારે અંધ મિત્ર બોલ્યો: “હું કશું જોઈ શકતો નથી, તો પછી ફાનસની મારે શું જરૂર છે ?” તુરંત પેલા ડાહ્યા મિત્રે કહ્યું : “યાર ! ફાનસની જરૂર તારે જોવા માટે નથી, પરંતુ તારી સાથે કોઈ દેખતો માણસ અથડાઈ ન જાય એટલા માટે છે.”

ભક્તો ! આ વાત શું કહેવા માટે છે તે સમજ્યા કે નહિ ? અર્થાત્ આનું રહસ્ય એ સમજવું કે, આપણો દિવસ બગડે તો વાંધો નહિ, પરંતુ આપણને જોઈને બીજાનો દિવસ બગડી ન જાય એનો ચોક્કસ ખ્યાલ રાખવો.

## ‘જીવનની લગામ’

જીવનરૂપી લગામ જ્યાં સુધી પોતાના હાથમાં



નથી ત્યાં સુધી વ્યક્તિ પરવશ છે અને ત્યાં સુધી તેને બીજાની મરજી પ્રમાણે કરવું પડે છે. આપણી લગામ મનને સોંપી દીધી હોય તેથી જેમ તે કહે તેમ કરવું પડે છે. નોકરની લગામ માલિકના હાથમાં કહેવાય છે, તેથી જેમ માલિક કહે તેમ જ નોકરને કરવું પડે છે-એ જ રીતે મનને જીવનની લગામ સોંપી દઈશું તો તે આપણા જીવન રથને પોતાની ઈચ્છા પ્રમાણે લઈ જશે અને આપણે આપણા હાથમાં રાખીશું તો આપણી ઈચ્છા મુજબ દરેક ઈંદ્રીયોને વશ રાખી શકીશું. જગતમાં પણ આ જ રીતિ છે. જગતમાં જે કેવળ બીજાઓની મરજી પ્રમાણે જ કર્યા છે કરે છે તેની દશા નોકર જેવી થઈ જાય છે. શાસ્ત્રો અને સંતોની મરજી પ્રમાણે વર્તવું તે અપવાદરૂપ છે તે તો જીવનના મોક્ષાર્થે જ કહેતા હોય છે.

ઈરાનના સુલતાન નાદિરશાહે ઈ.સ.૧૭૩૯ માં દિલ્હી લૂંટી વિજય મેળવ્યા પછી વિજય સવારી કાઢવા તેને હાથી પર બેસાડ્યો. તેણે મહાવતને કહ્યું : ''મને લગામ સોંપી દે.'' મહાવતે કહ્યું : ''ઘોડાને લગામ હોય અને હાથીને અંકુશ હોય, પરંતુ લગામન ન હોય, એ એકુશ હાથમાં રાખી હોંશીયાર અને જાણકાર મહાવત જ ચલાવી શકે, આપ નિરાંતે બેસો હું હાથી ચલાવીશ.'' નાદિરશાહ ઈરાનમાં ક્યારેય હાથી પર બેઠો ન હતો, તેથી તુરંત નીચે ઉતરી ગયો ને બોલ્યો : ''જેની લગામ મારા હાથમાં ન હોય એવી સવારી પર હું બેસતો નથી.''

આજે આપણે જીવનની લગામ બીજાને (મનને) સોંપીને જિંદગીની સફર કરી રહ્યા છીએ, જીવનયાત્રા કરી રહ્યા છીએ. એટલું જ નહિ, પરંતુ આપણે પરવશ છીએ એવો વિચાર પણ કરતાં નથી. ક્યારેક તો આપણી જાતને આપણે પ્રશ્ન કરીએ કે આપણી આ જિંદગી આપણે કોના માટે જીવીએ છીએ ? કારકે આપણે જો આપણા માટે નહિ જીવી શકીએ અર્થાત્ મુક્તિ માટે અને પરોપકાર માટે તો જીવનનો વીતી ગયેલ સમય ફરીથી મળવાનો નથી. બીજાઓ પાછળ ઘણું ચાલ્યા અને બીજાઓ માટે ઘણું જીવ્યા; હવે થોડું આપણા માટે જીવીએ અર્થાત્ જીવાત્માની મુક્તિ માટે જીવીએ, પ્રભુ-ભક્તિ માટે જીવીએ અને આત્મશાંતિ માટે જીવીએ.

### "જીવનની ચાવી"

જીવનને ગણિતના દાખલા સાથે સરખાવી શકાય છે. જે વીદ્યાર્થીઓને તેની ચાવી જડી નથી, તેને માટે એ અત્યંત અઘરો અને જટિલ પ્રશ્ન છે, પરંતુ એકવાર જો એને ગુણવાની સાચી રીત મળી જાય તો તે અદ્ભુત રીતે સરળ બની જાય છે. પહેલાં જે ગૂંચવણ ભર્યો હતો તે હવે અતિશય સહેલો બની જાય છે.

જીવનમાં પણ એમ જ છે. સરળતા અને જટિલતા એ સાપેક્ષ છે. જીવનની સાચી ચાવી મળી જાય તો જટિલતા સરળતામાં પલટાઈ જાય છે. જીવનનો દાખલો ઘણા લોકો ખોટી રીતે ગણતા હોય છે, પરંતુ તે દાખલાઓ મહાપુરૂષ અને શાસ્ત્રો દ્વારા ગણવામાં આવે તો બધી જટિલતા અદશ્ય થઈ જાય છે અને સમસ્યાઓનો ઉકેલ પણ આવી જાય છે. જિંદગી ગણિત જેવી છે. એકવાર જો એને ગુણવાની સાચી ચાવી હાથમાં આવી જાય તો કોઈ પ્રશ્ન જ ન રહે. આપણે મહાપ્રભુ શ્રીહરિજીને અંતરથી પ્રાર્થના કરીએ

કે, ''હે હરિજી જીવનરૂપ ગણિતને ગણવાની સાચી સમજણ અમોને આપો.''

**"જીવન ઝરણું છે"**

'જિંદગીના ઝરણાની છે પ્યાસ,
નફરતોનાં કરી વનમાં વાસ;
જન્મથી મૃત્યુ પર્યંત પ્રવાસ,
આશ પગલાંને મૃગજળનાં વ્યાસ.'

ઝરણું એટલે પહાડમાંથી અને ઊંડી કોતરોમાંથી નીકળતો પાણીનો પ્રવાહ. પહાડમાંથી નીચે આવતું અને નદીમાં મળતું અને અંતે સમુદ્રને મળે ત્યાં સુધીમાં તો ઝરણાને અનેક કષ્ટો સહન કરવાં પડતાં હોય છે. પહાડ પરથી ઊતરતાં તેમને પથ્થરો રોકે, નદીમાં મળે ત્યારે નાના ચેકડેમ તેને રોકે અને નદી દ્વારા મોટી નર્મદા જેવી મહા નદીમાં રૂપાંતર થઈ જાય એટલે મોટો ડેમ તેને અંતરાય કરે, છતાં પણ તે ઝરણું પહાડોના પથ્થરનો સામનો કરી આગળ વધે, નાની નદીમાં ચેકડેમનો સામનો કરી આગળ વધે અને મોટો આલિશાન ડેમ રોકી રાખે તો પણ મુંઝાઈ ન જાય, આગળ વધવાના પ્રયત્નો કર્યા જ કરે અને અંતે સમુદ્રને મળી શાંતિનો અનુભવ કરી આનંદ પામે.

જીવન એક ઝરણું છે, તળાવ નથી. વહેતું પાણી જ ચોખ્ખું રહી શકે છે, પરંતુ બંધીયાર રહી શકતું નથી. તળાવનું પાણી બંધીયાર છે, તેથી તેનું પાણી ગંધાઈ જાય છે. તળાવનું ધ્યેય નક્કી નથી હોતુ, પણ ઝરણું તો વહેતું જ હોય છે, કારણકે એનું ધ્યેય નક્કી હોય છે કે ગમે તેમ કરીને ગમે ત્યારે સાગરને મળવું જ છે.

સમાજમાં ઘણા લોકોનાં જીવન ઝરણાંઓ જેવાં હોય છે, તેઓ જીવનમાં સદા આગળ વધવાના પ્રયત્નો કરતા જ હોય છે અને ઘણા લોકોનાં જીવન તળાવ જેવાં હોય છે, જે સ્થિતિમાં હોય ત્યાંજ પડ્યા રહે છે. અમૂકનાં જીવન તો ખાબોચિયા જેવાં હોય છે ! પ્રગતિ નહિ, ગતિ નહિ, સ્થિર પણ નહિ, પરંતુ પોતાનું અસ્તિત્વ મટી જાય એવાં કાર્યો કરતા હોય છે.

ઘણીવાર જિંદગીમાં આપણે નાસીપાસ થઈ જતા હોઈએ છીએ. પરંતુ ઝરણાની જેમ આગળ વધ્યા જ કરીએ તો એક દિવસ છુટકારો થઈ જાય ખરો. જીવન તો ઝરણું છે, વહેવું એ જ એનો નિયમ છે. વહેતાં વહેતાં જે કાંઈ અંતરાય આવે એને સહેવા ને આગળ વધવું એ જ એનો ધર્મ છે. દિવસની જેમ જીવનમાં પણ તડકો-છાયો આવવાના જ છે. માણસનો સ્વભાવ છે કે તડકો (દુઃખ) આવે ત્યારે પ્રભુને ફરિયાદ કરે છે અને છાયો (સુખ) આવે ત્યારે પ્રભુનો આભાર માનવાનું ભૂલી જાય છે.



જીવનની સમસ્યાનો સામનો ધિક્કારપૂર્વક નહિ, પરંતુ પ્રસન્નતાપૂર્વક કરવો જોઈએ. જિંદગીને એન્જિનનાં પૈડાં નીચે મૂકવાની કોશિશ શા માટે કરવી જોઈએ ? જિંદગી ફેંકી દેવા માટે નથી, ફરજ બજાવવા માટે છે. તેથી પોતાનું કર્તવ્ય કરતાં કરતાં જીવન ઝરણાને આગળ વધારતા વધારતા અક્ષરધામરૂપ સાગર પાસે એક દિવસ જરૂર પહોંચી જઈશું.

**'જીવનરૂપી મૂડી'**

આપણી પાસે જીનવરૂપી આ એક એવી મૂડી છે કે, તેમાંથી આપણને કોઈ નફાનો વેપાર સુઝતો ન હોય તો એ મૂડી આપણે બીજા દુઃખી માણસો માટે વાપરી નાખવી જોઈએ. અર્થાત્ જીવનથી કંટાળી ગયેલાં સ્ત્રી-

(અનુ.પાન ૨૧ પર)

### સદ્‌ગુણમૂર્તિ

# સદ્.શ્રી આધારાનંદ સ્વામી

## જીવનદર્શન

લેખક : સાધુ બ્રહ્મપ્રકાશદાસજી સ્વામી - કુંડળધામ
ગુરુવર્ય પ.પૂ.સદ્ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ



(ક્રમશઃ)

માતા-પિતાના સંસ્કારો, ભાવના અને એમના શુભ વર્તનની છાપ બાળકો ઉપર અવશ્ય પડે છે. આ ન્યાયે હંસરાજભાઈના ત્રણેય પુત્રો પિતાની જેમ સારા ધર્મનિષ્ઠ થયા હતા.

એમના મોટા પુત્ર વીરજીભાઈ તો બાળપણથી જ સત્સંગ પરાયણ બની ગયા હતા. ધ્યાન ભજન કરવું અને કીર્તનો ગાવાં એ એમનું મુખ્ય અંગ હતું. પિતા-પુત્ર જ્યારે કીર્તનો ગાતા હોય ત્યારે સાંભળનારા સત્સંગીઓને પણ પ્રભુભક્તિનો અલૌકિક આનંદ આવતો. સહુ શ્રીહરિનાં સ્વરૂપમાં તન્મય બની જતા. વળી, એમને શ્રીહરિ અને મોટા સંતોની આજ્ઞામાં તથા મરજીમાં રહેવાની સદાય ખટક રહેતી તેથી તેમણે તેમના યોગમાં આવેલ સિંધવ પરિવાર તથા પટેલ પરિવારમાં પણ એવા જ સંસ્કારો રેડ્યા હતા.

ગિરનારની સમીપ શ્રીજી મહારાજે સં. ૧૮૬૭માં સમૈયો કરેલો. ત્યારે વીરજીભાઈ જૂનાગઢ શ્રીહરિનાં દર્શને ગયેલા. ત્યારથી તેમના મનમંદિરમાં શ્રીજી મહારાજની મૂર્તિ આબેહૂબ વસી ગઈ હતી. અને તેમની સમીપ પહોંચવાનો નિત્ય ઓરતો રહેતો હતો. જૂનાગઢનો ઉત્સવ કરી તે પાછા ખોલડિયાદ આવ્યા. અહીંના ભક્તોની ભાવનાને આધીન થઈ શ્રીહરિ સં.૧૮૬૯માં જ્યારે દુષ્કાળ પડ્યો ત્યારે બીજીવાર ખોલડિયાદ પધારેલા. સહુ ભક્તોની ખબર લીધેલી. અને હંસરાજભાઈને ઘેર રાત રહેલા. પછી જ્યારે ચાલતા થયા ત્યારે રૂડા સિંધવને સાથે લીધેલા. તેમની સેવા ભાવના તથા સંતપ્રેમને નિહાળી અતિ રાજી થઈ શ્રીહરિએ માત્ર તેમના ખેતરમાં વરસાદ વરસાવેલો; તે વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

**- વીરજીનો ગૃહત્યાગ :**

શુદ્ધભાવથી કરેલી સત્સંગની સેવા, પ્રગટ પ્રભુ અને સંતની નિષ્ઠા તથા ભજન - ભક્તિના પ્રતાપે હંસરાજભાઈ અને તેમના પુત્ર વીરજીના મનમાંથી સંસારની તમામ આસક્તિ ટળી ગઈ હતી. તેમાં પણ વીરજીનું તો સંપૂર્ણ જીવન સત્સંગ પરાયણ બની ગયું હતું. ભગવદ્‌ભજન અને સેવા જ એમને પોતાનું કર્તવ્ય લાગતું. બાપ બેટો બંને સત્સંગ, જપ, તપ અને ત્યાગ વૈરાગ્યના માર્ગે એક પછી એક કદમ માંડી રહ્યા હતા. બંનેના જીવ વૈરાગ્યના ભગવા રંગથી રંગાઈ ગયા હતા. તે બંનેએ પોતપોતાનાં મનમાં સંકલ્પ કરેલ કે, "હવે આપણે સાધુ દીક્ષા લઈ શાંતિથી ભજન કરી લેવું છે. શેષ જીવન શ્રીહરિની સેવામાં સમર્પણ કરી મહારાજ તથા સંતોને રાજી રાજી કરી દેવા છે."

હંસરાજભાઈના ત્રણેય પુત્રોમાં પણ વીરજી ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, તપ, સેવાભાવના, પ્રગટ પ્રભુની તથા પ્રગટ સંતની નિષ્ઠા વગેરે સદ્‌ગુણો સહુથી

ચઢિયાતા હતા. એટલે પ્રથમ વીરજીભાઈએ પોતાની માતા મણિબાને કહ્યું, ‘‘હે મા ! જો તમે રાજી થઈને મને રજા આપો તો મારે સાધુ થવા જાવું છે.’’ તેમના માતુશ્રી તો પુત્રની સ્થિતિ જાણતા હતા. કેમ જે, તેમણે જ બાળપણથી સતી મદાલસા તથા મેનાવતીની જેમ પોતાના પુત્રને સંસારની અસારતા અને આત્મકલ્યાણના પીયૂષ પાયા હતા. જગત મિથ્યા અને આત્મા સત્ય છે અને તે પરમાત્માને પામીને જ પરમ સુખને પામે છે, એવું સમજાવ્યું હતું. અને એ પણ જાણતા હતા કે, ‘જેની દૃષ્ટિ શ્રીહરિના સુખમાં પહોંચી હોય તે જીવને અનંત બ્રહ્માંડનાં વિષયસુખ કે રાજવૈભવનું સુખ પણ નરકતુલ્ય ભાસે, તો આ લોકના વિષય વૈભવમાં ન લોભાય તેમાં શું કહેવું ?’

વળી, એમ પણ વિચાર્યું કે, ‘આવો ગુણિયલ પુત્ર સંત થશે તો સર્વાવતારી શ્રીહરિ મારા પર પ્રસન્ન થશે. અને તે શ્રીહરિનું ભજન કરી -કરાવી અનેકને સુખિયા કરશે, અનેકનો ઉદ્ધાર કરશે.’ આવી ઉમદા ભાવનાથી તરત જ તેમણે અતિ પ્રસન્ન થઈ સાધુ થવાની હા પાડતાં કહ્યું, ‘ભલે પુત્ર, મોક્ષને પંથે પ્રયાણ કરો. મારા આશીર્વાદ છે કે, તારો ત્યાગ મહારાજ નિર્વિઘ્ન પાર પાડશે અને તું શ્રીહરિની સેવામાં ખૂબ કામ લાગીશ.’ આમ પ્રોત્સાહન આપ્યું. તેથી વીરજીભાઈ ઘણા રાજી થયા અને માતાના ચરણસ્પર્શ કરી વંદન કર્યા.

ધન્ય માતા મણિબાને, પુત્રને પ્રેર્યા સંસ્કાર;
હરિભક્તિ ગુરુનિષ્ઠા દૈ, તજાવ્યો છે સંસાર.

બીજે દિવસે વાતની વાતમાં હંસરાજભાઈ પણ પોતાનો વિચાર સ્વપત્નીને કહેતા કહે કે, ‘આપણા પુત્રો ધર્મવાળા છે. કામકાજ કરવામાં અને લોકવ્યવહારમાં પણ ખૂબ કુશળ છે. આપણે કોઈ પ્રકારની ચિંતા કરવી પડતી નથી. જેથી મારો વિચાર એવો છે કે, હું સંસારનો ત્યાગ કરી સાધુ થઈ બાકીની જિંદગી શ્રીહરિ અને સંતોની સેવામાં સમર્પણ કરું. માટે હું તો કાલે જ સાધુ થવા ગઢડા જવા માગું છું. તો તારી શું મરજી છે ?’ આ વાત સાંભળી તેમના પત્ની બહુ રાજી થયા. અને કહે, ‘‘તમે ઘણો સારો વિચાર કર્યો છે. તેમાં સંમત થાવું એ તો મારો ધર્મ છે. પરંતુ તમારા કરતાં દસગણી સાધુ થવાની તૈયારી આપણા પુત્ર વીરજીએ કરી લીધી છે. હવે તમો બંનેમાથી સુખ દુઃખ સહન કરી જે વધારે શ્રીહરિની સેવા કરી શકો, તે સાધુ થાઓ અને જો મહારાજની તમને બંનેને સાધુ કરવાની ઈચ્છા હોય તો બંને થઈ જજો. મારું રક્ષણ પોષણ તો ગર્ભમાં જેણે રક્ષા કરી છે, એવા શ્રીહરિ કરશે જ. મારી ચિંતા તમે ન કરતા. હવે શું કરવું તેનો નિર્ણય તમારે જ કરવાનો છે.’’ આવી પત્નીને ધન્યવાદ છે,



ધન્ય એમની નિષ્ઠાને, ધન્ય એની સમજણ;
મૂંઝાણા નહિ નિજ મનમાં, ત્યાગતા પુત્રને જણ.

આવો પ્રભુનો આશરો, રાખવો દૃઢ વિશ્વાસ;
સંસારી સ્વાર્થી થવું નહિ, લેવા ભરોસે શ્વાસ.

ધન્ય આવી માતાને, ધન્ય ધન્ય આવી નાર;
પતિ હોય કે પુત્ર તેનો, કરવા ચાહે ઉદ્ધાર.

પત્નીની વાત સાંભળીને હંસરાજભાઈ વિચારમાં પડી ગયા. કારણ કે, ગુણિયલ યુવાન અને વિવાહ યોગ્ય પુત્ર ત્યાગી થઈ જાય, એ લોકમાં ઠીક દેખાય નહિ. એમ ધારી એમણે વીરજીને યુક્તિ પ્રયુક્તિથી ઘરમાં રહી ભજન કરવા ખૂબ સમજાવ્યું, પણ વીરજીનું મન મનાવી શક્યા નહિ.



પછી તો એક સાથે બે મરજીવા મહારાજની મરજીમાં જીવન ઝંપલાવવા તૈયાર થયા. બંનેને એક સાથે હસતે મુખે વિદાય આપવાનો પ્રસંગ ઊભો થયો. ગમે તેટલી ધર્મનિષ્ઠ બાઈ હોય પણ પતિ-પુત્ર આમ એકાએક સાંસારી જીવનને છોડી ચાલ્યા જતા હોય ત્યારે એની લાગણીનાં પૂર વહેવા માંડે; આંખોમાંથી અશ્રુધારા ચાલુ થાય; કકળાટ, વલોપાત અને વિનવણીથી વાતાવરણને ઉદ્વેગમય બનાવી દે; પણ હંસરાજભાઈનાં ધર્મપત્ની મણિબાએ સ્વસ્થતા તથા દૃઢતાપૂર્વક શાંતિથી કહ્યું, 'તમારા બંનેના વિચારમાં સહમત થવું, એ આર્ય સન્નારીનો ધર્મ છે. આપણે તો શ્રીહરિના જ છીએ. એમના માટે જ જન્મ્યા છીએ, તેમના માટે જ જીવવાનું છે અને તે કાર્યમાં તમે ઝંપલાવો એ મારા સદ્ભાગ્યની વાત છે.' આમ કહી પતિ-પુત્ર બંનેને વિદાય આપી.

જનમ આજે જે સંતને, ધન્ય ધન્ય એવી માત; માયા તજાવી સ્વપુત્રને, ભેટાડે હરિ સાક્ષાત.

બળ આપે મોક્ષ માર્ગે, કાપે માયા બંધન; એવા જો હોય સગાં તો, તેનેય લાખો વંદન.

પછી પિતા-પુત્ર બંને સં. ૧૮૭૩ જન્માષ્ટમીના સમૈયા ઉપર ગઢપુર ગયા .ત્યાં હંસરાજભાઈએ મુક્તાનંદસ્વામીને પોતાની તથા પુત્રની બધી વાત કહી બતાવી. પછી સ્વામીશ્રીએ બંનેને વારાફરતી એકાંતમાં બોલાવી તેમનાં અંતરની વાત પૂછી, તેમની પૂરી ચકાસણી કરી. પછી વીરજીનો તીવ્ર વૈરાગ્ય અને શ્રેષ્ઠ સમજણ જોઈને સ્વામીનું અંતર પિગળી ગયું. તેથી હંસરાજભાઈને કહ્યું કે, ''તમે ઘરે રહી સત્સંગની વધારે સેવા કરી શકશો માટે તમે ઘરે રહો અને વીરજી અહીં રહી સત્સંગની વિશેષ સેવા કરશે. માટે તે ભલે સાધુ થાય.'' આમ, સ્વામીએ બંનેને સમજાવી પરસ્પર સદા પ્રેમભાવ રહે તેવું સુખદ સમાધાન કર્યું.

પછી સ્વામી તે બંનેને લઈને મહારાજ પાસે ગયા અને પિતા-પુત્રની રસપ્રદ સંપૂર્ણ વાત કરી. તે વાત સાંભળી મહારાજ બંને ઉપર અતિ પ્રસન્ન થયા. અને બંનેને બાથમાં લઈ અત્યંત પ્રેમથી ભેટ્યા. પછી શ્રીહરિ કહે, ''અમારી સેવામાં વધુ ઉપયોગી તો વીરજી થશે. માટે તે સંત બની અમારી સેવા કરે અને હંસરાજભાઈ તમે ઘેર જાઓ. તમારા ઘરને હવે મંદિર બનાવી તમો ગામમાં તથા આજુબાજુના વિસ્તારમાં સત્સંગ કરાવજો. તેમાં અમે ખૂબ રાજી છીએ.'' એમ કહી હંસરાજભાઈની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. અને તે જન્માષ્ટમીના સમૈયામાં ગઢપુરમાં ત્યારે જ મહારાજે વીરજીને સાધુની દીક્ષા આપી.

ચોપાઈ : વીરજીભાઈ વૈરાગ્યવંત, મહા દીક્ષા લઈ થયા સંત; મુનિ આધારાનંદજી નામે, પોતે સાધુ કર્યા સુખધામે.

અને શ્રીહરિના આધારે જ જીવન ઝંપલાવનાર આ વિરલપુરુષનું શ્રીહરિએ ''આધારાનંદ'' એવું સાર્થક નામ પાડ્યું. આ સમયે સ્વામીની ઉંમર ૧૭ વર્ષની હતી. જૂનાગઢ ઉત્સવમાં ગયા ત્યારથી સંત બનવાની પોતાના અંતરની પ્રબળ ઈચ્છા હતી. તે ત્યાર બાદ પાંચ વર્ષે સંતની મહા દીક્ષા મળી ત્યારે પૂર્ણ થઈ અને તેથી તેમને અંતરમાં સંતોષ થયો. પછી મહારાજે તેમને મુક્તાનંદસ્વામીના શિષ્ય તરીકે રહેવાનું કહ્યું. ત્યારબાદ તેમણે પોતાનું સમગ્ર જીવન શ્રીજી

મહારાજના પ્રીતિપાત્ર બનાય તેવા કાર્યો કરી ધન્ય બનાવ્યું.

આપણા સંપ્રદાયમાં આધારાનંદસ્વામી નામના બં સંતો હતા. મંજુકેશાનંદસ્વામીએ નંદમાળા ગ્રંથમાં લખ્યું છે.

આધારાનંદ બેઉનાં નામ, તેમાં એક શિલ્પવેત્તા ગુણધામ.આ બો આધારાનંદમાં એક આધારાનંદસ્વામી ઉત્તરપ્રદેશના હતા. સત્સંગમાં તેને 'છોટા આધારાનંદસ્વામી' નામે સહુ બોલાવતા. જયારે બીજા આધારાનંદ ઝાલાવાડ પ્રાંતના ખોલડિયાદ ગામના હતા. જેમનું આખ્યાન આપણે વાંચીએ છીએ. તેમને સત્સંગમાં સહુ 'મોટા આધારાનંદસ્વામી' કહીને બોલાવતા. આ સ્વામી શિલ્પવેત્તા અને કળા કારીગીરીમાં અતિ કુશળ હતા. તેઓ પૂર્વાશ્રમમાંથી જ ઘણી કલા કારીગરીમાં કુશળ હતા. તેમને જે કામ સોંપવામાં આવે તે તેઓ પૂરી કાળજી રાખી સુંદર રીતે પૂર્ણ કરતા. તેમનું ખોળિયું સુતારને ત્યાં જન્મ્યું હતું. તેથી લાકડા ઉપર જ રંધો મારનાર આ મુક્તાત્માએ જીવન પર પણ રંધો માર્યો હતો. વાંસલા વડે લાકડાની ગાંઠો છોલનાર સ્વામીએ જીવનમાં રાગ-દ્વેષની ગાંઠો પણ છોલી નાખી. જીવનભર વિનય, વિવેક અને સરળતાનો રંધો લગાવી સાધુતાને શોભાવી હતી. અનેકના આદર્શ બન્યા હતા. તેથી શ્રીહરિ અને મોટેરા સંતો તેમના ઉપર અતિ રાજી થયા. એટલે આધારાનંદસ્વામીમાં એક પછી એક કળાઓ આવીને નિવાસ કરવા લાગી.

તેઓ જે ક્ષેત્રમાં હાથ અજમાવતા તેમાં તે પૂર્ણ સફળ થતા. તેઓ સારું ગાઈ જાણતા તો વાજિંત્રો પણ વગાડી જાણતા. સારા કીર્તનો રચી શકતા તો હરિગીત કે મોતીદામ જેવા છંદ-ચોપાઈમાં પણ સારી ગતિ હતી. તેઓ કુશળ શિલ્પી હતા તો સારામાં સારા ચિત્રકાર પણ હતા. આમ, અનેક કળાઓ તથા સદ્ગુણો તેમને વર્યા હતા. પરંતુ તેમના અંતરનો આશય આ તમામ ગુણ કે કળા માત્ર વધુ ને વધુ સત્સંગના ઉપયોગમાં આવી શ્રીહરિ અને મોટા સંતનો રાજીપો રળવો એ જ હતો. એમાં પણ શ્રીહરિ તથા સંતો ભકતોના મજૂર બનીને, સેવકના સેવક થઈને સેવા કરવી; તો તેમની વિશેષતા હતી. આધારાનંદ સ્વામી સદા શ્રીહરિ અને મોટા સંતોની મરજીમાં રહીને સેવા કરતા. એક વખત તેમના ઉપર મહારાજ અતિ રાજી થયા. તેથી સ્વામીને ધ્યાનમાં દર્શન દીધાં. અંતરમાં તેજોમંડળ મધ્યે સર્વાવતારી શ્રીહરિની અલૌકિક, સુખાળી, હેતાળી, દયાળી મૂર્તિ દેખાણી. એટલે અંતરમાં અલૌકિક શાંતિ શાંતિ થઈ ગઈ. પછી તે જોઈને તે વખતે સ્વામીને એવો સંકલ્પ થયો જે, 'ચોવીસ અવતાર કેવા હશે ?' પર્વતભાઈને પણ એકવાર આવી ઈચ્છા થઈ હતી. આ તો આપણને સહુને સર્વાવતારી શ્રીહરિનું સર્વોપરીપણું સમજાય, સર્વકારણપણું સમજાય, વળી અવતારો મહારાજની મૂર્તિમાંથી કેમ નીકળે છે અને કેમ પાછા લીન થાય છે તથા અવતાર અને અવતારીમાં શું ભેદ છે ? આ બધું સહુને સમજાય તે માટે મહારાજ આ મુક્તો દ્વારા આવા પ્રસંગો દેખાડતા હતા.



# શ્રી સુંદરજીભાઈ સોની

## મેઘપુર

લેખક : સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ



જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તો પણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે, તે કાળ ને કર્મ, એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતા નથી. (ગ.પ્ર.પ્ર.૭૨)

વિપરીત કાળ અને કર્મ, આ સૃષ્ટિના પ્રેરકબળ જેવા પરિબળો પણ જ્યાં નિર્બળ પુરવાર થાય એવા બળવાન ભક્તો આ સંપ્રદાયને મળ્યા છે. ભગવાન, સંત અને સત્સંગીના માહાત્મ્યને પ્રતાપે કાળ અને કર્મને પણ ખાળી શકાય એવી અનોખી તાકાત પ્રાપ્ત થાય છે. નિષ્ઠાના સુદર્શન ચક્રની ધાર જેમના જીવનમાં દેખાય છે એવા અનેક નિષ્ઠાવાન ભક્તોમાંથી એક ભક્તરાજ છે સુંદરજીભાઈ સોની. મેઘપુર તેમના વતનનું ગામ. સૌરાષ્ટ્રના હાલાર પ્રાંતમાં સુંદરજીભાઈનું નામ ગુંજે. ભક્ત તરીકે નહિ, પણ કલાના કસબી તરીકે. વિશ્વકર્માનો વરદહસ્ત સુંદરજી સોનીના માથે રહેતો. બજાર ફરી ફરીને હારી જાવ પણ તેના જેવી કામણગારી કલા બીજાને ત્યાં મળે જ નહિ ને મળે તો તેમાં સુંદરજીનો હાથ હોય.

નસીબ જેને યારી આપે તેને સૌનો સાથ પણ મળે ધીરે ધીરે કલાનો કસબી સુંદરજી સોની થોડા જ સમયમાં એક ખ્યાતનામ વેપારી બની ગયો, તેમાં તો કોઈ મોટી વાત ન હતી પણ સત્સંગીના યોગમાં આવતા ભક્ત પણ બન્યા. સંતનું સાનિધ્ય પ્રાપ્ત કરી કંઠી ધારણ કરીને નિયમાધારી ભક્ત બન્યા. હવે આ લોક અને પરલોક, બંનેનો ધીંગતો ધંધો કરવા લાગ્યા. ઉદ્યમી છતા સંતોષી જીવ, જેથી સવાર સાંજ પેટ ભરીને ભજન કરે અને દિવસે વ્યવસાય. સોનાની સાથે સાથે હીરા મોતીમાં હાથ નાંખ્યો. ભાગ્યશાળીને ભૂત રળે એવો ઘાટ બન્યો. તેમાં પણ તેની ચકોર દ્રષ્ટિ ભારે સફળ થઈ. તેમણે જામનગરની બજારમાં પણ નસીબ અજમાવ્યું. એ જમાનામાં ત્યાં જ્વેલરીનો વ્યવસાય ખૂબ મોટા પાયે ચાલતો. સુંદરજીની કલા અને પારખ શક્તિ જોઈને શહેરના વેપારીઓ સ્તબ્ધ થઈગયા. સમય જતા તેમને ભાગીદારીમાં મોટા પાયે વ્યવસાય કરવાની ઓફરો મળી, પણ સુંદરજીએ વિચાર્યું : લાંબું કરીશ તો ટુંકી જીંદગીમાં કરવાનું મોટું કામ રહી જશે. તેમણે તે વ્યવસાયમાં ભાગીદારી તો ન કરી પણ પરોક્ષ ભાગીદારી તો કરી જ.

જામનગરની જામેલી પેઢીઓમાંથી હીરા-મોતી લઈને મેઘપુર આવે, ભજનની સાથે સાથે નવી નવી ડિઝાઈનના દાગીના બનાવે ને તે જ પેઢીઓમાં જઈને ઉંચા ભાવે વેંચી આવે. ઘેર બેઠાં ધંધો ને ધરમ સચવાય અને ધાર્યો ફાયદો પણ થાય જ. ધંધાકીય ફાયદાને ધર્મના ફાયદામાં ફેરવી નાંખવાની અજબ-ગજબની કલા પણ આ સોની પાસે હતી. ખાવા પીવાની પણ ચિંતા કર્યા વિના તે ધર્મનાં કર્મ કરતાં ખચકાતા નહિ. શ્રીહરિના માટે સંતનાં વચને પોતાની જાતને વેંચી

નાખવા તૈયાર રહેતા ભક્તરાજ સુંદરજી સોની સત્સંગીઓને પણ એટલી જ સહાય કરતા. સત્સંગીની જરૂરિયાતને પોતાના ઘરની જરૂરિયાતને અવગણીને પુરી કરતા. ઘણીવાર ઘરમાં કંકાસ જેવું થાય તો ખુબ પ્રેમથી કહેતાઃ વારું, તે તેમના હકનું હતું એટલે આપ્યું છે. આપણા હકનું કમાઈને કાલે જ તમારી જરૂરિયાત પણ પૂરી કરીશ. દેહ અને દેહના સંબંધી કરતાં પણ જ્યાં સંત, સત્સંગીનું મહાત્મ્ય હોય ત્યાં રાજીપાની કમી કેવી રીતે હોય?

સુંદરજીભાઈ સોનીની ચળકતી યશ કલગી પર દ્વેષીઓનો ડોળો ફાટેલો પણ તેની ગંધ આવી જતાં સુંદરજીભાઈ ખૂબ જ સાવધાન રહેતા. સોના-ચાંદી કે હીરા-મોતીની હેરાફેરી કરવા જામનગર જતાં આવતાં ગામના દરબારને સાથે રાખતા. જાડેજા દેવીસિંહ સશસ્ત્ર અંગરક્ષક બનીને સોનીના પડછાયાની જેમ ફરતા. વિશાળ કદાવર કાયા અને મદ મગરુર ચહેરો જોઈને જ ભલ ભલા સોપારી લેનારા મોઢામાં ઘાસ લઈ લેતા. વ્યાપાર, કલા અને કારીગરીમાં જેવું ઊંચું નામ સુંદરજી સોનીનું, શૂરવીરોમાં તેનાથી સવાયું ઊંચું નામ દેવીસિંહ જાડેજાનું. બંનેની મૈત્રી પણ થયેલી. સુંદરજી સોની નસીબના એવા બળિયા હતા કે એક પણ વાતે તેનામાં ખામી નહિ, તેથી ઘણા તો બિચારા સોપારી ખાય ને ખપી ગયેલા.

પણ એક દિવસ અચાનક જામનગરનું તેડું આવ્યું. કોઈ રાજ કુટુંબના વિશિષ્ટ પ્રસંગે અપૂર્વ નમૂનારૂપ દાગીના તૈયાર કરવાના હતા. સમય પણ જરૂર કરતા થોડો ઓછો હતો. દેવીસિંહ જાડેજાને સમાચાર પહોંચાડ્યા, પણ તેઓ થોડા બીમાર હતા એટલે સુંદરજીએ એકલા જવાનો ભૂલ ભરેલો નિર્ણય કર્યો. આવનારી આપત્તિ પેલા બુદ્ધિ હરી લે છે ને પછી પોતે આવે છે જેથી ધાર્યું દુઃખ આપી શકાય. સુંદરજી સોની આજ જામનગરની સોની બજારમાં એકલા જ ફરે છે, તે વાઘેર યુવાન જોઈ ગયો. ઓખા મંડળના વાઘેરો ચાંચિયાગિરિમાં માહેર ગણાતા. આ ક્ષત્રિયો પરંપરાથી લૂંટફાટનાં કાળાં કામોમાં સંડોવાયેલા રહેતા. વાઘેર યુવાનની તરસી આંખોએ સુંદરજી સોનીને એકલા જોઈને તલવારને લોહી પીવરાવવાનો નિર્ણય કર્યો. તેણે ચપળ દ્રષ્ટિએ જોયું તો સુંદરજી સોની પાસે કોઈ હથિયાર પણ ન હતું. નો જે નિષ્ઠાનું સુદર્શનચક્ર હતું તેને જોઈ શકે તેવી આંખો વાઘેર યુવાન પાસે ન હતી. તેણે વિચાર કર્યો : આજે ત્રણ-ચાર જણ ભેળા મળીને સુંદરજીને કાળનું મુખ દેખાડી દઈએ. થોડી વાર તે ચોર પગે સુંદરજીની પાછળ પાછળ ફર્યો. તેને ખ્યાલ આવ્યો કે આજે સોનીએ લખલૂંટ માલ ખરીદ્યો છે. એક રાજાની તિજોરીમાં ધાડ પાડીએ એટલો માલ મળશે, પણ પણ તેમાં ચાર ભાગ પડે. અરે આ સોનીને મારવામાં ચાર જણાની શી જરૂર છે. મારી એકલી ચંદ્રહાસ તેના ગળા માટે કાફી છે. બસ, હું એકલો જ તેને યમદૂત બનીને પરલોક પહોંચાડીશ.સુંદરજી સોની વેપારી જ નહિ ભક્ત પણ હતા. 'મધ કટોરે માંખી ચોંટે', તેમ તેમનું મન મૂર્તિમાં ચોંટેલું રહેતું. જે ભક્ત ભગવાનને નથી ભૂલતો, ભગવાન પણ તેવા ભક્તને ક્યારેય નથી ભૂલતા.



સુંદરજીભાઈ સોની જવેરાતનો માલ લઈને મારતે ઘોડે મેઘપુર તરફ ચાલ્યા. દિવસ છતાં ઘેર પહોંચવાનો ઈરાદો, પણ પાછળ પેલો



બદઈરાદાવાળો વાઘેર પડેલો, તેનો અણસાર આવેલો નહિ. જામનગર છૂટી ગયું. વસ્તીની અવર જવર નહિવત્ થઈ ગઈ એટલે ચાંચિયાએ ઘોડો દોડાવ્યો અને સોનીને આંતર્યા. જંગલમાં ઝાડવાં સિવાય કોઈ જ હતું નહિ. પેલો હરામખોર વાઘેર ખુલ્લી તલવાર લઈને બોલ્યો : મહાજન ! તારી પાસે જે કંઈ હોય તે તમામ આપીને તારા મોતને વહાલું કરી લે. તારા મોતના દરવાજાની ચાવી આ મારી તલવાર જ છે. હમણાં જ તારો દરવાજો ખોલી આપું છું. સુંદરજીભાઈએ શિક્ષાપત્રીને સંભારી. શસ્ત્રધારી સાથે વાદવિવાદ ન કરવો. પળનોય વિલંબ કર્યા વિના હિરા-મોતીના કિંમતી પોટલા તેમના પગમાં ફેંકી દીધા અને કહ્યું : ભાઈ સા'બ, આ મારી પૂજા, દોરી લોટો અને ધોતિયું વગેરે સામાન છે.

વાઘેર કહે : સોની મેં મારી સગી આંખે તને સોનું ખરીદતાં જોયો છે, તું જલ્દી આપ, મડદા પર લેવું તે મારા જેવા ક્ષત્રિયને શોભે નહિ, નહિ તો અત્યારે તારા બે ટુકડા તરફડતા કરી દીધા હોત. સુંદરજીએ બધું જ સોનું પણ આપી દીધું, પણ વાઘેર પાસે જીવતદાન માગ્યું. વાઘેરે વિચાર કર્યો, આને જીવતો છોડવો તે આપણા મોતને નિમંત્રણ આપવા બરાબર ગણાય; માટે તેને તો હવે કેમેય જીવતો ન જ છોડાય. તેણે કહ્યું : સોનકા, તને યમલોક પહોંચડ્યા વિના હું ઘેર નહિ પહોંચું, પણ તારે કોઈ અંતિમવાર પૂજા-બૂજા કરવી હોય તો કરી લે.

સુંદરજીને હવે મોત હાથ વેંતમાં દેખાતું હતું. દેહ સુખ માટે પ્રભુને પ્રાર્થના કરવાનું તેને આવડતું જ ન હતું. શરીર તો આજ નહિ તો કાલ પડવાનું જ છે, તેની રક્ષા માટે પ્રભુની આગળ હાથ ફેલાવું તો મારી નિષ્ઠા લાજે. પણ સમય મળતો હોય તો પૂજા જરૂર કરી લઉં. વાઘેરને વિચાર આવ્યો - લઈને કોઈ વટેમાર્ગુ આવી ચડશે તો જીતી બાજી હારી જઈશ. તે નાગણ જેવી નાગી તલવારની અણીએ સુંદરજીભાઈને રસ્તાથી થોડે દૂર ઊંડાણમાં આવેલા કોતરમાં લઈ ગયો ને કહ્યું : ચાલ કરી લે તારા વેદિયા વેડા, આજે જીવનથી છેડા ફાડી નાંખવાના નક્કી છે, માટે બરાબર નામ લેજે જેથી પરલોકમાં થોડું કામ લાગે. કહેતાંક જોરથી હસી પડ્યો. સુંદરજીએ વિચાર્યુ: શેતાન આગળ શાણપણાનો કોઈ જ અર્થ નથી.

"માથું જાતા રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે."

સ્વામીએ મારા માટે જ લખ્યું છે. હવે વિચાર કરવાનો સમય નથી. તેણે નદીમાં સ્નાન કર્યું ને પૂજા કરવા બેઠા. જીવનભરની ક્ષતિઓ માટે આર્તનાદે માફી માંગી. મહામંત્રના સ્મરણમાં મનને ગરકાવ કરી દીધું. આંખમાં આંસુડાં આવી ગયાં. ગદ્ગદ્વાણીએ વરતાલ વિહારીને વિનવણી કરી; વાલમ, આ બાળકે કોઈ ભૂલ કરી હોય તો મા બનીને દંડ દેજો ,પણ તરછોડશો નહિ. જ્યારથી આંખ ઉઘડી ત્યારથી તારો થઈને રહ્યો છું ને તારી સામે જ મારા આ નશ્વર શરીરને છોડી રહ્યો છું. એમ કહેતાંક પૂજામાં એક પંક્તિ લલકારી.

"રે રંગ સહિત હરિને રટીએ,
રે હાક વાગે પાછા ન હટીએ;
બ્રહ્માનંદ કહે રે ત્યાં મરી મટીએ; રે શિર સાટે ..."

ને કહ્યું : વાઘેર ચલાવ તારી તલવાર. વાઘેરે ખેંચીને ઘા કર્યો, જનોઈ વાઢ ઘા કર્યો પણ તલવાર

મારી કે કમળફૂલની પાંખડી તે ખબર ન પડી. ભગત તો જાણે કંઈ થયું જ ના હોય તેમ મહામંત્રના સ્મરણમાં મસ્તાના થઈને બેઠા છે. રાહ જુવે છે. છેલ્લા શ્વાસે નામ જપ રહી ના જાય માટે શ્વાસે શ્વાસે નામ જપે છે. વાઘેરને ઝટકો લાગેલો. પથ્થર પર તલવાર મારે ને જેમ ઝટકો લાગે તેમ હાથમાં ઝટકો વાગેલો. તેને વિચાર થયો કે મેં ભ્રમથી ક્યાંક પથ્થર પર તો તલવાર નથી મારીને ? આંખો ચોળીને ભગતને જોઈને માથું ઉડાડવા માટે ફરી વાર તલવાર વીંઝી. કાચી કેરીની જેમ માણસોને કાપનાર ક્રુર વાઘેરની તલવાર આજ બીજીવાર પાછી પડી. તેના હૃદયમાં ગભરાટ અને આંખોમાં આગ ભરાઈ આવી. ગૌર કરીને જોયું તો ભગતના હોઠ હલતા હતા. સિંહની જેમ ત્રાડ નાખી ભગતડા ! તારા જાદુ ટોણા મંત્રો બંધ કર, નહિ તો જીભના ટુકડા ટુકડા કરી નાંખીશ.

વાઘેરની વાત સાંભળીને સુંદરજી સોનીને મંત્ર પ્રત્યે વધુ દ્રઢ વિશ્વાસ બેસી ગયો. તેણે તો 'રે રંગ સહિત હરિને રટીએ' પ્રમાણે સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ શરૂ કર્યો. મોટે મોટેથી બોલવા લાગ્યા. મોત જોઈ ગયેલા વાઘેર ભૂરાયો થયેલો. તેણે તલવારનો ઘા કરી દીધો ને ભગતના ધોતિયાથી ભગતને બાંધી દીધા. હાથ પગ બાંધી મોંઢામાં ડૂચો ભરાવીને ફરી તલવાર લઈને મારવા દોડ્યો ત્યાં તો સિંહ ગર્જના થઈ. બિલાડી ઉંદરને પકડે તેમ સિંહે વાઘેરને પકડ્યો અને એવો હચમચાવ્યો કે તેના શરીરના એક એક સાંધાના ફટાકીયા ફૂટી ગયા. પછી પથ્થર પર પછાડ્યો જેથી વાઘેરનું માથું નાળિયેરની જેમ ફૂટી ગયું. સુંદરજી સોનીને યમલોક દેખાડવા આવેલો વાઘેર યમલોકના દરવાજે પહોંચી ગયો.

સુંદરજી સોની સમજી ગયેલા કે, આ તો સિંહ નથી, નરસિંહ છે. મારી રક્ષા માટે જ સ્વયં શ્રીહરિ પધાર્યા છે. ઊભા થયા ને પુનઃ દંડની માફક સિંહની આગળ ઢળી પડ્યા. મહારાજ પણ સમજી ગયા કે, આ મારા ભગતે મને ઓળખી લીધો છે. ભગત ભગવાનને કોઈ પણ રૂપમાં ઓળખી શકે છે. મહારાજ મૂળ સ્વરૂપમાં પ્રગટ થયા ને કહ્યું : "સુંદરજી ! આટલું જોખમ લઈને આમ બ્રાહ્મણ લોટી પોથી લઈને નીકળે તેમ ના નીકળી પડાય."



સુંદરજી ભાઈ કહે : પ્રભુ ! આપને તકલીફ પડી. માફ કરજો. હું તો તમારા ધામની રાહ જોઈ રહ્યો હતો, પણ સ્વયં આપ પધાર્યા. માફ કરજો કૃપાનિધાન ! ફરી આવી ભૂલ નહિ થાય. પણ આપના આ અદૃષ્ટપૂર્વ દર્શન સિંહરૂપ હું ક્યારેય ભૂલું નહિ, એવી કરુણા કરો. શ્રીહરિ તથાસ્તુ કહીને અંતર્ધાન થયા ને સુંદરજીભાઈ તમામ ઝવેરાત હીરા મોતી સોનું લઈને સહી સલામત ઘેર આવ્યા. જંગલમાં જોખમ લઈને એકલા જવાની ભૂલ કરી. સમય પણ વિપરીત, એકાંત જગ્યા, સશસ્ત્ર લૂંટારો આવ્યો પણ સુંદરજી સોનીની નિષ્ઠાનું સુદર્શન ચક્ર એવું તેજ ફર્યું કે મારનારો જ મરી ગયો અને પોતે ઉગરી ગયા. ભગવાન તો ભક્તની રક્ષા કરવા તૈયાર જ છે, પણ ભક્તની નિષ્ઠા પાકી હોવી જોઈએ.

માત્ર ભગવાનની જ નહિ, સંત સત્સંગીની પણ ભગવાન જેવી નિષ્ઠા રાખનાર સુંદરજીભાઈ સોની માટે શ્રીહરિએ સ્વયં એકવાર ફરીને સિંહનો અવતાર ધારણ કર્યો. એવા નિષ્ઠાવાન ભક્તોના જીવનમાંથી પ્રેરણા લઈને જીવતરને ઘડવું જોઈએ એ જ આવા ભક્તોનાં ચરિત્રો વાંચવાનું ફળ છે.

# પ્રાર્થના

લેખક : સ્વામી શ્રી વિવેકસાગરદાસજી
ગુરુવર્ય પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી - વડતાલ)



સોરઠા:
સુખનિધિ શ્રી ઘનશ્યામ, નિજજન મનરંજન કરન।
કરહુ સૌ મમ ઉર ધામ, મોહજનિત સંશય હરન ॥૪॥

અહીં સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી ભગવાનને સુખનિધિ કહે છે. તે ભગવાન સુખનિધિ કઈ રીતે છે તે સમજીએ.

દરિયો છે તે જલનિધિ કહેવાય છે. કારણ કે સર્વે પાણીનો સ્રોત દરિયો કહેવાય. કેમ કે દરિયામાંથી પાણીનું બાષ્પીભવન થાય પછી વાદળાં બંધાય. વાદળાં વરસાદ રૂપે વરસે છે. વરસાદનું પાણી નદી, તળાવ, કુવા, વાવ એમ બધી જગ્યાએ સંગ્રહિત થાય છે. તે પાણી આપણા ઘરમાં ટાંકામાં થઈને નળમાં આવે છે. આમ જ્યાં જ્યાં પાણી દેખાય છે તે સર્વનું મૂળ સ્રોત દરિયો છે.

સૂર્ય છે તે આ બ્રહ્માંડમાં પ્રકાશનિધિ કહેવાય છે. આ બ્રહ્માંડમાં સૂર્ય ન હોય તો આ શરીરમાં તેજ દેખાય છે તે ન દેખાત. વનસ્પતિ લીલી દેખાય છે તે ન દેખાત. ચંદ્ર છે તે પણ સૂર્ય વડે જ પ્રકાશિત તો ચંદ્ર પણ પ્રકાશિત ન હોત. પૃથ્વી આદિક દરેક ગ્રહ અંધકારમય જ હોત. રહેત...

પૃથ્વી છે તે રસનિધિ કહેવાય છે. કારણ કે બધા જ રસ પૃથ્વીમાંથી પેદા થાય છે. તીખુ, ખારું, ખાટું, કડવું, તુરુ બધુજ. જેમ સમુદ્ર છે જલનિધિ છે, સૂર્ય છે સુખનિધિ છે અને પૃથ્વી છે તે રસનિધિ છે તેમ ભગવાન છે તે સુખનિધિ છે.

આપણને જ્યાં જ્યાં જે જે સુખ દેખાય છે તે બધુ સુખ ભગવાનમાંથી આવેલ છે અને ભગવાનનું આપેલું છે. જીવ પ્રાણીમાત્ર તે સુખ પાત્રતા પ્રમાણે પામી શકે છે. મનુષ્ય, પશુ, પક્ષી, દેવ, ઈશ્વર, મુક્ત કે અવતારોમાં જ જે સુખ, જે જે આનંદ દેખાય છે. તે મળ્યા એવા જ ભગવાન સ્વામિનારાયણ તે થકી જ છે તેમ સમજવું. ભગવાન છે તે સર્વ સુખના મુળ સ્રોત છે. પરંતુ તે ભગવાનને મૂકીને આપણે અન્ય માયિક પદાર્થોમાં સુખ લેવા જઈએ છીએ અને દુઃખી થઈએ છીએ. તેથી મૂ.અ.મૂ.ગુણાતીતાનંદ સ્વામી કહે છે. : "વિષયમાં સુખ છે તેવી તો કોઈએ કલમ લખી જ નથી."

**"હે હરિવર ! તમે અમારા હ્રદયકમળમાં વાસ કરીને રહેજો, તમારા સ્વરૂપનો પ્રકાશ કરજો, તમારા સ્વરૂપનું જ્ઞાન આપજો."**

તુલસીદાસ કહે છે :

"સુરપુર, નરપુર, નાગપુર એ તેન લોકમે સુખ નાહિ, કા સુખ હરિ કે શરન મેં કા સંતન કે માહિ."

બધા જ સુખ ભગવાનની મૂર્તિમાં રહ્યા છે માટે ભગવાન છે તે સર્વ સુખના નિધિ છે. સર્વ સુખના નિધિ ભગવાનમાં જો જોડાઈએ તો સર્વ સુખ ભગવાન આપણને પ્રદાન કરીને સુખીયા કરે છે. જેને સુખીયા થાવું હોય તેમણે ભગવાનમાં જોડાવું.

જીવ પ્રાણીમાત્ર દરેકને સુખ જોઈએ છે. કોઈને દુઃખ જોઈતું હોય ને મંદિરે આવતા હોય તો તે બતાવો. બધાયની જિંદગીભરની પ્રવૃત્તિ શાના માટે છે ? સુખની ખોજ છે. માથું દુઃખે તે પણ ફાવતું નથી. સુખ તો બધાયને જોઈએ છે. ઊંડાણથી જોઈએ તો સુખ તો એવું જોઈએ છે જે કાયમ રહે, સદાય રહે. આજે સુખી હોય ને કાલે દુઃખી થાય જુનમાં સુખી થાયને જુલાઈમાં દુઃખી થાય એવું સુખ કોઈને જોઈતું નથી. સાદય સુખ જોઈએ છે અને સર્વત્ર સુખ જોઈએ છે. ભારતમાં સુખી રહે એવું નહિ, જ્યાં જઈએ ત્યાં સુખ જોઈએ છે. અમેરિકા કોઈ દુઃખી થવા તો જતું નથી. સદા, સર્વત્ર અને પાછું સ્વતંત્ર સુખ જોઈએ છે. કોઈની ગુલામીથી પેદા થતું એવું સુખ જોતું નથી. હવે વિચાર કરો આવું સુખ ક્યાંય મળે ? કાયમ આવું સુખ મળે નહિ અને કોઈ આપણને આમ સુખી કરી શકે નહિ. આવું સુખ દુનિયામાં ક્યાંય નથી, પણ એક મારા હરિવરના ચરણે છે. તેથી સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

સુખ સુખ સુખ અતિ, દુઃખનો નહિ લવલેશ.

સદ્.શ્રી મુક્તાનંદ સ્વામીને આ સુખનો અનુભવ થતાં સ્વામીએ ગાયું છે.

સુખ પામી રે સખી સુખ પામી રે
હું તો શામળિયાને શરણે જાતા... સુખ પામી રે
સંસારીનું સુખડું જુઠું આવે ને જાયે,
હરિનો અખંડ સોહાગ કેદી કાળ ન ખાયે...
સુખ પામી રે.

માટે જેને સદા, સર્વત્ર અને સ્વતંત્ર સુખ જોઈતું હોય તેમણે સુખનિધિ, સુખદાતા ભગવાનનું સ્મરણ કરવું. તેમનો અખંડ સંભારવા.



સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી આગળ લખતાં કહે છે કે ભગવાન સુખનિધિ તો છે જ, પરંતુ પોતાના ભક્તોના મનને રંજન કરનારા છે. માટે અહીં ભગવાનને બીજી ઉપમા આપી "નિજ જન મનરંજન કરન"

ચરોતરમાં શેલડી નામનું ગામ છે. ત્યાં મુકુમસિંહ નામ એક કોળી હરિભક્ત રહેતો હતો. તે શુરવીર અને સદ્ગુણયુક્ત હતા, પરંતુ તેમની પત્ની સત્સંગી નહિ. તેથી તે હંમેશાં સ્વામિનારાયણ ભગવાનની નિંદા કર્યા કરતી. મુકુમસિંહ તેમને વારંવાર સમજાવે કે ભગવાનની નિંદા કરીને પાપમાં ન પડવું જોઈએ. નિંદાથી ભગવાનને કોઈ નુકશાન જતું નથી, પરંતુ નિંદા કરનારે દ્રોહનું પાપ લાગે છે. માટે મન, કર્મ વચનથી ક્યારેય કોઈની નિંદા ન કરવી જોઈએ. પરંતુ આ બાઈને તો દરરોજ નિંદા કરવા જોઈએ. નિંદા કર્યા વિના, તેને ચેન ન પડે. એકવાર તો સવારમાંથી નિંદા કરવાનું શરૂ કરી દીધું ને મોડી રાત્રિ સુધી તે નિંદા કરતી બંધ ન થઈ. તે મર્મ સભર શબ્દોથી અને ગાળોથી પોતાના ઈષ્ટદેવનું અપમાન



મુકુમસિંહથી સહન ન થયું. આથી મુકુમસિંહને ક્રોધ ચડ્યો અને તલવાર લઈને તેના પર ઘા કરવા દોડ્યો, જેવો તલવારનો ઘા તેની પત્ની પર કરવા ગયો તે વખતે તેની પત્ની ગાય નીચે બેસી ગઈ. આથી તલવારનો ઘા ગાયને વાગતા ગાય ચીરાઈ ગઈ. અને તેના પેટમાં વાછરડું હતું તે પણ કપાઈ ગયું અને લોહીનો પ્રવાહ ચાલ્યો. પોતાના હાથે આવી રીતે ક્રોધમાં ગાયની હત્યા થઈ હોવાથી મુકુમસિંહના મનમાં અતિશય ત્રાસ થયો કે મેં અજાણ્યે ગાયને મારી તે બહું ખોટું થયું. હે હવે ગૌ હત્યારો થયો. હવે મારે શું મોંઢું દેખાડવું. લોકોને ખબર પડશે તો મને સહુ ગૌહત્યારો કહેશે. આવા શબ્દો સાંભળવા તેના કરતાં તો મરી જાવું તે વધારે સારુ આવા વિચારો કરવા લાગ્યો. પરંતુ બીજી જ ક્ષણે તેણે આર્તનાદપૂર્વક ભગવાનની પ્રાર્થના શરૂ કરી દીધી. ‘‘હે હરિવર ! અજાણમાં મહાપાપ થઈ ગયું છે તો મારા ગુના માફ કરજો, આ સેવકને સહાય કરજો.’’

મુકુમસિંહની પ્રાર્થનાથી હરિવર તેમના ત્રાસને નિવારવા અને ‘‘નિજ જન મન રંજન કરન’’ બિરૂદને સાર્થક કરવા દોડીને આવ્યા અને મુકુમસિંહને દર્શન આપીને કહ્યું : ‘‘હે મુકમસિંહ ! તું મરવાના સંકલ્પને છોડી દે, અમે તે ગાયને તાજીમાજી હોય તેવી સાજી કરી દેશું. તારા ઉપર રહેલું ગૌહત્યાનું પાપ તેને ટાળી દેશું.’’ પછી હરિવરે તે ગાયને દષ્ટિમાત્રથી હતી તેવીને તેવી સાજી કરી દીધી. પછી ગાય પાસે જઈને ગાયના શરીર પર હાથ ફેરવ્યો અને મુકુમસિંહને કહ્યું : ‘‘હે મુકુમસિંહ ! હવે ગાય મરશે નહિ.’’ આમ કહીને હરિવર અંતર્ધાન થઈ ગયા. મુકુમસિંહને મહારાજના દર્શન થતાં અને પોતાનું પાણી નષ્ટ થતાં અંતરમાં થતી બળતરા વિરામ પામી ગઈ અને શાંતિ થઈ ગઈ ને ટાઢું થઈ ગયું. હરિવરે કરેલા ઉપકારમાં ગરકાવ થઈ નિદ્રાધિન થઈ ગયો. પરંતુ મુકુમસિંહે ગાયને મારી નાખી તે વાતની તેના વેરીઓને ખબર પડતા તેમણે દરબારમાં જઈને ગામધણીને વાત કરી. આથી ગામધણી બાપુએ મુકુમસિંહના ઘરે જોવા માણસ મોકલ્યું તો ગાય સાજી સારી બેઠી હતી. આ જોઈને ગામના લોકોને આશ્ચર્ય થયું. સહુએ મુકુમસિંહને પૂછતા. સર્વે વાત કરી. આથી સહુએ સ્વીકાર્યું કે સ્વામિનારાયણ ભગવાનની જે ભક્તિ કરે છે તેના દુઃખ દૂર કરી ભક્તના મનને આનંદ પમાડે. આવી રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તના દુઃખ હરિને આનંદ પમાડ્યા હોય તવા અગણિત દાખલાઓ છે. જેમાંથી આપણે એક દ્રષ્ટાંત જોયું.

આથી સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે કે ભગવાન છે ‘‘નિજ જન મન રંજન’’ છે. ત્યારબાદ સ્વામી ભગવાનને ત્રીજી ઉપમા આપે છે. ‘‘મોહજનિત સંશય હરન’’ અહીં સ્વામી હરવાની વાત કરી છે. ભગવાન હરે છે તો સંશય હરે છે. કેવો સંશય હરે છે ? મોહ જનિત સંશય હરે છે. કારણ કે મોહયુક્ત સંશય છે તે આંખમાં પડેલા કણા જેવો છે, પગમાં વાગેલા કાંટા જેવો છે. આંખમાં પડેલું કણું ક્યારેય સુખ આવવા ન દે. તેમ મોહયુક્ત સંશય છે તે હૃદયમાં પડેલા કણા જોવા છે. તે ક્યારેય સુખ આવવા દેતું નથી.

મોહ મૂલં બહુ સૂલં

મોહનું મૂળ ખૂબ સૂળ જેવું હોય છે.

શાસ્ત્રમાં મોહને મહામૃત્યુમય બતાવ્યો છે.

મોહ જીવ મહામૃત્યુર્મુમુક્ષોર્વપુરાદિષુ।
મોહો વિનિર્જિતો યેન સ મુક્તિ પદમર્હતિ ॥

મુમુક્ષુઓને મોહ છે એ જ મહામૃત્યુ છે, જેણે મોહને જીત્યો તે જ મોક્ષપદને યોગ્ય થાય છે. અંગ્રેજીમાં મોહને ફેશીનેશન, ડીલ્યુઝન કહે છે. મોહ એટલે મનને વિશે ભ્રાંતિ. ગ.મ.ના પહેલા વચનામૃતમાં હરિવર કહે છે કે મોહનું રૂપ તો મનને વિશે ભ્રાંતિ જેવું થઈ જાય તે જ જણાય છે.

નજરે દુઃખ દેખાતું હોય છતાં તે દુઃખ થાય તેવી ક્રિયાને જે કરે છે, તેનું નામ જ મોહ કહેવાય છે અને જે મનુષ્ય જે એવો મોહ રાખે છે તે ચોક્કસ દુઃખી થાય છે. પીવાતી મદિરા કરતાં મોહરૂપી મદિરા વધારે ખતરનામ છે. (શ્રી હ.સા.ભા.-૪)

ગઢડાની બાજુમાં રાજપીપળા કરીને ગામ આવ્યું છે. આ ગામમાં એક કણબણ બાઈ હતી. તેણે સાંભળ્યું કે ગઢડામાં દાદાખાચરના દરબારમાં સ્વામિનારાયણ ભગવાન રહે છે તેથી તેને મનમાં એક શંકા રહ્યા કરતી હતી કે સ્વામિનારાયણ બાઈઓ ભેગા રહે છે તો તે ધર્મ કેવી રીતે રાખતા હશે ? આમ મનમાં સંશય રહ્યા કરે. પછી એક દિવસ આ બાઈને સ્વામિનારાયણ ભગવાનની પરીક્ષા લેવાની ઈચ્છા થઈ. પછી તે એકવાર ગઢપુર આવીને દાદાખાચરના ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ આવીને બેઠી. હરિવરે તેનો મોહ જનિત સંશય હરવા ફળી વચ્ચે બાજોઠ નાખીને ઊભા ઊભા સ્નાન કરવા લાગ્યા. અંગે અંગ ચોળીને સ્નાન કરતા હતા. સ્નાન કરીને વસ્ત્ર બદલાવતી વખતે હરિવરે પોતાના શરીરમાંથી હળહળતો તેજનો સમૂહ પ્રગટાવ્યો. તેજના મધ્યમાં દિવ્ય સ્વરૂપે હરિવરે દર્શન આપ્યા અને કહ્યું : જો અમે મનુષ્ય જેવા છીએ કે તેથી પર છીએ. આવું દર્શન થતાં અને હરિવરના વેણ સાંભળતાં તો બાઈ આશ્ચર્ય પામી ગઈ. મેં સ્વામિનારાયણને બીજા મનુષ્ય જેવા જાણ્યા. એને વિશે મેં ન કરવાના સંકલ્પ કર્યા, હું કેવી અભાગણી કે મને આવા સંકલ્પ થઈ ગયા... બાઈને બહુ પશ્ચાતાપ થયો અને ઊભી થઈ હરિવરના પગમાં પડી માફી માગી. અને કહ્યું આપ તો સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ છો અને હુ અધમ પાપી જીવ છું મારા ગુના માફ કરો. આપે કૃપા કરીને દર્શન આપી મને મીઠા વેણ બોલાવીનો મારો મોહજનિત સંશય ટાળીને કૃતાર્થ કરી.



હરિવરે આ બાઈનો મોહ જનિત સંશય ટાળી નાખ્યો અને પોતાના દિવ્ય સ્વરૂપની પ્રતીતિ કરાવી. આથી સ્વામી કહે છે કે, ભગવાન છે તે મોહજનિત સંશય હરનારા છે. એટલે તેમને ''મોહ જનિત સંશય હરન'' કહ્યા છે. આમ ભગવાનને સ્વામીએ ત્રણ ઉપમાથી સંબોધ્યા છે. ''સુખનિધિ'', ''નિજ જન મન રંજન કરન'' અને ''મોહ જનિત સંશય હરન'' આમ કહીને સ્વામી ભગવાનને પ્રાર્થના કરે છે કે, ''હે હરિવર ! મારા ઉરમાં વાસ કરીને રહો.''

આપણે ભગવાને કઈ રીતે પ્રાર્થના કરવી તે સ્વામી આપણને શીખવાડે છે. આપણે દરરોજ ભગવાનને પ્રાર્થના કરીને કહીએ : ''હે હરિવર ! તમે અમારા હૃદયકમળમાં વાસ કરીને રહેજો, તમારા સ્વરૂપનો પ્રકાશ કરજો, તમારા સ્વરૂપનું જ્ઞાન આપજો.''

# શિક્ષાપત્રી

## A Management Mannual

લેખક : ડો. સુરેશ પટેલ



અગાઉના ૧ થી ૧૪ શ્લોકનો અભ્યાસ આપણે કર્યો છે. શ્લોક ક્રમાંક - ૧૧ થી ૧૭ સુધીની તમામ આજ્ઞાઓ 'અહિંસા'ના પાલનાની જ આજ્ઞાઓ છે, જેમાં 'સ્થૂળ' હિંસાથી લઈ 'સૂક્ષ્મ' હિંસાનો અને 'સૂક્ષ્મ' હિંસાથી લઈને 'કારણ' હિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે. 'જીવનનું મૂલ્ય' અને 'જીવનની સંભાવનાઓનું મૂલ્ય' આ બે બાબતો આપણે 'અહિંસા'ના પરિપ્રેક્ષ્યમાં સમજી શક્યા છીએ, હવે શ્લોક નં. ૧૫ જોઈએ.

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।

न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१२॥

'અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ, ક્યારેય ન ખાવું. અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકાશનું મદ્ય તે દેવતાનું નૈવેધ હોય તો પણ ન પીવું.'

આ શ્લોકનો મર્મ વ્યવસ્થાપન (Management)ના સંદર્ભે સમજવા માટે સૌ પ્રથમ આપણે આપણા જીવનની ચાલક-ઉર્જાઓને સમજવી જોઈએ.

આપણે કશું પણ કરવા ઈચ્છતા હોઈએ તો આપણને મુખ્યત્ત્વે ત્રણ ઉર્જાઓ (શક્તિઓ)ની આવશ્યકતા રહે છે, શરીરશક્તિ, વિચારશક્તિ અને ભાવશક્તિ. સરળ શબ્દોમાં કહીએ તો શરીરના હલન ચલન માટે શારીરિક બળ, એ હલન-ચલન કેવી રીતે કરવાનું છે તે માટેના વિચારોનું બળ અને એ વિચારો વ્યવસ્થિત રીતે થાય તે માટે જરૂરી ભાવનાઓ, લાગણીઓ કે ઉર્મિઓનું બળ.

ઉદાહરણ (૧) કોઈ અંધ વ્યક્તિને મદદ કરવાની 'ભાવના' હોય તો 'હાલ હું એનો હાથ પકડીને' (વિચાર) 'રસ્તો ઓળંગવામાં ઉપયોગી થાઉં' (કાર્ય).

ઉદાહરણ (૨) ઈશ્વરના દર્શન કરવાની 'ભાવના' હોય તો 'ચાલ ને મંદિરે જઈ આવું' એવો 'વિચાર' આવે અને સ્કૂટર વડે કે કારમાં બેસીને કે ચાલતાં મંદિરે જવાની ક્રિયા થાય.

હવે આ ત્રણેય ઉર્જાઓ મેળવવા આપણે જે પ્રયત્નો કરીએ છીએ તે - આહાર, વિચાર અને વિહાર. શરીરનું બળ આપણને ખોરાક થકી પ્રાપ્ત થાય છે. વિચારોનું બળ આપણે અગાઉ કરેલા વિચારોમાંથી પ્રાપ્ત થાય છે અને ભાવનાનું બળ આપણા વાંચન - પ્રવાસ-મુલાકાતો-અનુભવો (વિવિધ પ્રકારના પાંચેય ઈન્દ્રિયો સાથે સંકળાયેલ વિહાર) થકી પ્રાપ્ત થાય છે.

સંતુલિત પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન્સ, વિટામીન્સ અને ચરબીયુક્ત આહાર લઈએ તો શરીર પુષ્ટ અને શક્તિસભર બને છે. એજ રીતે આપણે 'કરી રહેલા' વિચારોને હોશપૂર્વક જોઈએ તો બિનજરૂરી અને નબળા વિચારોને ખંખેરી શકીએ અને માત્ર શક્તિદાયી વિચારો જ કરીએ - જે આપણને વિચાર

કરતી વેળા તો શક્તિસભર બનાવે જ પણ સાથો સાથ ભવિષ્યના વિચાર માટેનું શક્તિદાયી ભાથું પણ તૈયાર કરી દે. 'હું આ કરી શકીશ જ' એવા વિચારોને કારણે જ ભારતે અવકાશ-યુગમાં પ્રગતિ કરી છે. (ડૉ.વિક્રમસારાભાઈનો આ વિચાર હતો) 'આપણે ચંદ્ર પર જઈ શકીશું જ' એવા સામુદાયિક વિચારને કારણે આપણે ચંદ્રયાન-૧નો પ્રકલ્પ (Project) કરી શક્યા છીએ. વૈજ્ઞાનિક અને ટેકનોલોજીનો વિકાસ એ 'સબળ વિચારો'ને કારણે જ છે. આઈનસ્ટાઈન પછી જેમની વિશ્વના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકમાં ગણતરી થાય છે તેવા સ્ટીફન હોકિંગ આમ તો સમગ્ર શરીરે લકવો ધરાવે છે, પરંતુ બ્રહ્માંડના રહસ્યો માત્ર વિચારની પ્રક્રિયા થકી શોધી રહ્યા છે. તેઓ બોલી પણ શકતા નથી પણ કોમ્પ્યુટરના સ્ક્રીન પર વરસાદની જેમ પડતા અક્ષરો આંગળાના ટેરવાથી (માઉસ વડે) પસંદ કરીને વાક્ય બનાવે છે જે મશીન બોલી સંભળાવે છે આ રીતે તેઓ પ્રવચન કરવા વિવિધ દેશોમાં જાય છે.

ત્રીજું બળ-ભાવનાનું બળ. આપણને જીવનના અનુભવો થકી પ્રાપ્ત થયું હોય છે. ગુજરાતી ભાષાની કહેવતો આ વાતને પુષ્ટ કરે છે - 'જેવું અન્ન તેવું મન', 'જેવું વાંચીએ તેવો વિચાર', 'દૂધનો દાઝેલો છાસ ફૂંકીને પીવે', 'મન હોય તો માળવે જવાય', 'આવા નહિં - આદર નહિં - નહિં નયનમાં નેહ, તે ઘર કદીન જોઈએ, ભલે કંચન વરસે મેહ', 'કોઈ દિ ખાધું હોય તો ખવરાઇછે ને', 'આણંદ કહે પરમાણંદને, માણસે માણસે ફેર, એક લાખ દેતાંય નો મળે ને બીજા ત્રાંબિયાના તેર' વગેરે.

આપણી ઈશ્વર પરની શ્રદ્ધા નરસિંહ મહેતા કે મીરાંબાઈના પ્રસંગો જાણવા થકી પુષ્ટ થાય છે. ઈશ્વર તરફથી ભક્તિ બ્રહ્માનંદ સ્વામી કે મુક્તાનંદ સ્વામીના ભજનો સાંભળવા થકી પુષ્ટ થાય છે. ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના એકવાર પણ શાંતિથી, એકાગ્રતાથી દર્શન કર્યા હોય તો પછી વારંવાર દર્શન કરવાનું મન થાય છે. કોઈની તકલીફ સારંગુપર શ્રી હનુમાનજીના દર્શનથી દૂર થઈ એવું જાણવા માત્રથી આજે સમગ્ર ગુજરાતમાંથી હજારો લોકો શનિવારે પહોંચી જાય છે - સારંગપુર.



હવે આ સંદર્ભે 'માસ'નો ખોરાક તરીકે વિચાર કરીએ. વૈજ્ઞાનિક સંશોધનો મુજબ તમામ શાકાહારી પ્રાણીઓના આંતરડાની લંબાઈ માંસાહારી પ્રાણીઓ કરતાં વધુ છે કેમકે શાકાહાર માટેની ડિઝાઈન (રચના) સ્પષ્ટ કરે છે. આ થઈ પ્રાકૃતિક વાત. બીજી વાત છે સ્વભાવગત. મારા સમગ્ર યુરોપ-અમેરિકા-ઈન્ડોનેશિયા-ભારતના પ્રવાસ દરમિયાન મેં માંસાહારીઓને એક સામાન્ય પ્રશ્ન પૂછ્યો છે 'તમે જેનું માંસ ખાઓ છે, તે પ્રાણીને મારી શકશો ?' મારાં આશ્ચર્ય વચ્ચે જવાબ 'ના'માં જ મળે છે. (કસાઈની અહીં વાત નથી) અન્યને પીડા આપવી કે અન્યની હિંસા પોતાના સ્વાર્થ માટે કરવી એ માણસના સ્વભાવમાં 'જન્મગત' તો નથી જ. તો આજે જે લોકો 'માસાહાર' કરે છે એમનું શું ?

માંસાહાર બે રીતે થાય છે, એક તો દેખાદેખીથી અને બીજું, ભૌગોલિક રીતે પરંપરાગત રીતે સચવાયેલી સામુદાયિક ટેવોથી અને માંસાહાર કરનારા પાસે છેડાના બે આત્યંતિક કારણો પણ હોય છે, એક તો પ્રસાદ સ્વરૂપે (હકારાત્મક) અને બીજું



આપાત્કાળે (નકારાત્મક).

આપણા દેશમાં પૂજા-પાઠ-વિધિ-યજ્ઞ વગેરેમાં ઘણી બધી વિકૃતિ ઘૂસી ગઈ છે. નહિંતર સર્વ પ્રાણીમાત્રમાં ઈશ્વરને જોનાર ભારતીય, કઈ રીતે યજ્ઞમાં પ્રાણી માત્રમાં ઈશ્વરને જોનાર ભારતીય, કઈ રીતે યજ્ઞમાં પ્રાણીનો બલિ ચઢાવી શકે ? શ્રી સહજાનંદ સ્વામીએ આપણને આ વિકૃતિથી પ્રાપ્ત થતા પ્રસાદ (યજ્ઞનું શેષ)થી પણ દૂર રહેવાની આજ્ઞા કરી છે. બીજું દવાના નામે, સ્વાસ્થ્યના નામે પણ માંસાહારથી દૂર રહેવા 'આપત્કાળ' શબ્દ પ્રયોજ્યો છે. 'ભૂખ્યા રહેવાય પણ માંસાહાર તો ન જ થાય' એટલી સ્પષ્ટ સમજ આપણને આમાંથી મળે છે.

હવે ઉર્જાના સંદર્ભે જોઈએ તો માંસ છે તે 'મૃત' આહાર છે. વળી મૃત શરીરમાં (વિવિધ પ્રકારની જૈવિક અને રાસાયણિક પ્રક્રિયાઓ થયાને કારણે) ઘણી બધી વિકૃતિઓ થવા લાગે છે જે શરીર માટે પોષણક્ષમ હોતી નથી. જ્યારે ઘઉંનો દાણો ૧ વર્ષ પીંપડામાં સચવાયા પછી પણ જમીનમાં વવાય તો ઉગી નીકળે છે. અર્થાત્ એમાં જીવન ધબકી રહ્યું હોય છે. આપણને જીવંત ખોરાકની જ આવશ્યકતા છે કેમકે એમાં અખૂટ ઉર્જા હોય છે. જે તાકાત ગેંડામાં (શાકાહારી) છે, તે તાકાત સિંહમાં (માંસાહારી) નથી હોતી! શાકાહારી ગાયને પાળી શકાય છે, માંસાહારી વાઘ પાળી શકાતો નથી. આમ આહારનો સંબંધ શક્તિની સાથોસાથ અભિવ્યક્તિ સાથે પણ છે જ. (ઉર્જા કેવી રીતે મળે છે તે જ રીતે ઉર્જા ક્યાં ખર્ચાઈ જાય છે તે પણ મહત્વનું બને છે.)

'આપત્કાળે' માંસ ખાનારાઓ "મારાથી હવે જીવાશે નહિં" કે "મારાથી હવે માંસ ખાધા વિના રહી શકાશે નહિં" આ વિચારથી પ્રેરાતો હોય છે. અગાઉ જોઈ ગયા તેમ આ નબળા વિહારો છે. વર્તમાન સમયમાં હીરા રતન માણેક નામના કચ્છી સજ્જન પણ સૂર્યશક્તિ થકી જીવંત છે ! તેઓ દઢપણે માને છે કે સૂર્ય જીવનનો આધાર છે એટલે સૂર્યમાંથી શક્તિ મળવી જ જોઈએ. એમણે પોતાની આંખો અને શરીરને સૂર્યમાંથી સીધી જ ઉર્જા મેળવવા તૈયાર કર્યું છે.

હવે આટલી સમજ પછી 'હોશ'માં રહેલી કોઈપણ વ્યક્તિ 'માંસ' ન જ ખાય. પણ 'બેહોશી'માં હોય તેનું શું ? શ્રી સહજાનંદ સ્વામી આપણને આવી 'બેહોશી'માંથી દૂર રહેવા સુરા અને મદ્યથી દૂર રહેવાની આજ્ઞા કરે છે. આ પદાર્થો આલ્કોહોલ કે કેફીન ધરાવતાં હોય છે, જે મગજના જ્ઞાનતંતુઓને ઢીલા કરી દે છે અને વારંવાર એ લેવા જ પડે તેની ટેવ (વ્યસન) પાડે છે. એટલે કે વ્યક્તિ વારંવાર 'બેહોશ' થવાનું પસંદ કરે છે.

બેહોશીમાં તો વ્યક્તિનું વર્તન એના વિચારની બહાર જ થાય છે કેમકે બેહોશીમાં વિચારશક્તિ સાવ જ ક્ષીણ થઈ જાય છે. અગાઉ જોયું તેમ વિચારની ઉર્જા અન્ય વિચાર પર નિર્ભર હોય છે. જ્યારે વિચારશૂન્યતા (સમાધિ થકી નહિં, પસંદગીથી નહિં પણ બેહોશીથી!) હોય ત્યારે વિચારની ઉર્જા ક્યાંથી હોય ?

કોઈપણ પ્રકારના એવા પીણાં કે ખાદ્ય પદાર્થો જે લેવાથી (પીવાથી કે ખાવાથી) વ્યક્તિ ઓછી કે વત્તી બેહોશી તરફ જાય તે એનો સાર-અસારનો વિવેક

ગુમાવી બેસે છે યોગ્ય - અયોગ્યનો નિર્ણય કરી શકતો નથી. જે દુનિયા સાથે એને કામ પાર પાડવાનું છે, તે દુનિયા એની આ બેહોશી દરમિયાન જેવી છે તેવી નહિ, બલ્કે કલ્પનાની કે આભાસી દેખાય છે. આવી કાલ્પનિક દુનિયાના ખ્યાલો વારંવાર આવે છે. આથી હવે એ હકીકતોથી જોવાને બદલે આભાસથી જોવે છે. સરવાળે એ યોગ્ય રીતે કામ કરી શકતો નથી અને ઉર્જાનો વ્યય કરે છે.

સ્વામિનારાયણ સંપ્રદાય ઉજળો સંપ્રદાય એટલા માટે કહેવાય છે કેમકે એમાં 'વ્યસનમુક્તિ'નો ઘણો મહિમા છે. જેના મન પદાર્થોમાં - ખાસ કરીને બેહોશી તરફ લઈ જનાર પદાર્થોમાં ચોંટ્યા હોય. તેના મન પરમ તત્વનો તો વિચાર પણ કેવી રીતે કરી શકે ? મનની કક્ષાએથી ઉપર ઉઠવાનો વિચાર જેને કરવાનો છે, તેવી વ્યક્તિ મનને ચોંટાડવાનો (નશીલા પદાર્થોમાં) તો ખ્યાલ પણ કેવી રીતે કરી શકે ?

ચાલો આપણે સૌ અધ્યાત્મના ગગનમાં ઉડવા આપણી પાંખો જો ક્યાંય ચોંટી હોય તો એને મુક્ત કરીએ !

જય સ્વામિનારાયણ.

---

આધ્યાત્મ મંથન... (પાન ૫ નું ચાલુ)

પુરૂષોએ આત્મહત્યા કરી આ મૂડી ફેંકી દેવી ન જોઈએ, પરંતુ જીવનમૂડીને કોઈ મંદિરમાં સમર્પણ કરી દેવી જોઈએ. કોઈ આશ્રમોમાં ભેટ આપી દેવી જોઈએ., કોઈ અનાથાશ્રમોમાં રહી બાળકોની સેવામાં અર્પણ કરી દેવી જોઈએ, કોઈ પાંજરાપોળમાં જઈ ગૌ સેવામાં વાપરી નાખવી જોઈએ અને કોઈ હોસ્પિટલમાં જઈ દુ:ખી રોગીઓની સેવામાં વાપરી નાખવી જોઈએ. કહેવાનો ભાવ એ છે કે મરી જવું એ કરતાં પણ દેહને ભક્તિના કે પરોપકારનાં કાર્યોમાં લગાડી દેવો જોઈએ એટલે આ લોકની કીર્તિ સાથે પરલોકમાં મોટા સુખની પ્રાપ્તિ થાય અને બીજાને પ્રેરણારૂપ બની જઈએ.

અમરેલીના ભક્ત મૂળદાસજી ઉનામાં ગયા હતા ત્યારે એક દિવસે સવારે વહેલા સ્નાન કરવા કૂવે ગયા ત્યાં એક યુવાન યુવતી કૂવામાં પડવાની તૈયારી કરતી હતી. તુરંત મૂળદાસે તેને રોકી અમૂલ્ય જીવનમૂડીને ફેંકી દેવાની ના કહી. પેલી યુવતી કહે : ''હું બાળ વિધવા છું આવેગો સહન ન થતાં પાપ થઈ ગયું છે, મારા પેટમાં બાળક છે.''

ત્યાં તો મૂળદાસજી બોલ્યા : ''તો તો કોઈ સંજોગોમાં તારે આપઘાત ન કરી શકાય, કારણ કે આત્મહત્યાના પાપ સાથે તને બાળહત્યાનું પણ પાપ લાગશે.'' પેલી યુવતી કહે : ''આવી સ્થિતિમાં મને સંબંધીઓ ઘરમાં ન રહેવા દે, મારે ક્યાં જવું ?'' ત્યારે વિશાળ હૃદયના એ મહાપુરૂષ મૂળદાસજી બોલ્યા : ''મારી સાથે મારા આશ્રમમાં ચાલ, ત્યાં ભક્તિ કરજે, સેવા કરજે અને તારા સંતાનને મોટું કરજે.''

પછી તે યુવતીને લઈ મૂળદાસજી અમરેલી પોતાના આશ્રમમાં આવ્યા. ત્યાં ઘણા ઉપદ્રવ થયા તો પણ ધૈર્ય ખોયું નહિ. પેલી સ્ત્રીએ એક કન્યાને જન્મ આપ્યો. પછી ભજન ભક્તિ અને આશ્રમની સેવા કરી પોતાનો મોક્ષ સુધારી લીધો. જો તે સ્ત્રીએ આત્મહત્યા કરી હોત તો સાથોસાથ બાળહત્યાનું પણ પાપ લાગત અને એને કારણે યમપુરીનાં દુ:ખો સહેવા પડત.

પ્રસંગોપાત સર્વેને જણાવી દઉ કે, એ યુવતીએ જે પુત્રીને જન્મ આપ્યો તેનું નામ રતન હતું અને તે રતનબેન મોટાં થયાં એટલે આનંદરામ નામના બ્રાહ્મણ સાથે તેનું લગ્ન થયું અને અમરાપુર સાસરે ગયાં. પછી તેને ત્યાં એક મુક્ત પ્રગટ થયા. એ જ મારા આદિગુરુ અને સ્વામિનારાયણ સંપ્રદાયની મા કહેવાતા સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી સ્વયં હતા ! આ પ્રસંગનું રહસ્ય એ સમજવું કે ગમે તેવાં દુ:ખોમાં અને અયોગ્ય વર્તન થઈ ગયું હોય તો પણ આત્મહત્યા ન જ કરવી.

(ક્રમશ:)

શ્રી આધારાનંદ સ્વામી... (પાન ૯ નું ચાલુ)

સ્વામી ઉપર મહારાજ બહુ રાજી હતા, એટલે તેમને જરાક સંકલ્પ થયો કે, તરત મહારાજે તેમને રામકૃષ્ણાદિક ચોવીશેય અવતારની નોખી નોખી મૂર્તિઓ એક પછી એક પોતાના સ્વરૂપમાંથી નીકળતી દેખાડી. સર્વે અવતારોનાં સુંદર સ્વરૂપો હતાં. તેમાં પણ શ્રીકૃષ્ણનું રૂપ તો એવું દેખાણું જે, માથે મોરનાં પીંછાંનો મુગટ, પાસે કાળો કામળો ને પંડે શ્યામ સ્વરૂપ; આવી શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ મૂર્તિ જોઈ. પરંતુ તેથી સ્વામીને શાંતિ થઈ નહીં. પછી તરત જ સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ, પૂર્ણ પુરૂષોત્તમનારાયણ એવા શ્રીહરિજીને પ્રાર્થના કરી, મુર્તિ અંતરમાં ધારી. એટલે તરત જ પ્રથમની જેમ જ તેજ મધ્યે મહારાજની મૂર્તિ દેખાણી. પછી સર્વે અવતારો શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. અને એકલી મહારાજની મૂર્તિ જ રહી. ત્યારે સ્વામીના અંતરમાં અતિશય શાંતિ શાંતિ થઈ ગઈ. અને શ્રીહરિનું સર્વોપરીપણું પણ સમજાણું.

સોરઠા : તેથી જાણાણું એમ સર્વોપરિ છે શ્રીહરિ; ભૂલ્યું ભુલાયે કેમ, અવતારનું અવતારીપણું.

જાણ્યા સર્વ કારણ, પ્રગટ પુરૂષોત્તમ પ્રભુ; સ્વામિનારાયણ, એવી ઉપાસના દઢ કરી.

આ ચરિત્ર દ્વારા શ્રીહરિએ આખી દુનિયાને ઉપદેશ આપ્યો છે કે, ઉપાસના એવી દઢ રાખવી જોઈએ કે, અન્ય અવતારો દેખાય છતાં શાંતિ ન થાય, કેમ જે, મહારાજ જેવું સુખ બીજે ક્યાંય નથી. સ્વામી આમ સમજ્યા. આપણે પણ જ્યારે આમ સમજશું ત્યારે જ છૂટકો થશે. કથામાં વક્તા વાણીરૂપી અનેક બાણ છોડે, પરંતુ એકાદું અડી જાય તો બેડો પાર થાય. જ્ઞાની ગુરુઓ તો જીવનો ઘાટ ઘડવા માટે ઘણી ગળીઓ છોડતા હોય છે, પરંતુ સુજ્ઞ શિષ્યોએ સામી છાતીએ ઝીલવી જોઈએ. જે વાત આપણે હૈયે ઘસાય તેને વારંવાર પકડીને મનન કરીએ તો સુધારો થાય. જે સંતોની વાત સામી છાતીએ ઝીલે તેના ત્રણેય દેહના ભાવ ઊડી જાય, જીવ મૂર્તિમાં લાગી જાય. માટે આવા શૂરવીર મોક્ષભાગી શ્રોતા થોડા હોય તોપણ વક્તાને ઘણો આનંદ થાય.

આધારાનંદસ્વામી સમજ્યા કે, એક સ્વામિનારાયણ ભગવાન જેવું બીજા કોઈમાં સુખ નથી અને ત્યાર પછી તેમને પોતાનાં અંતરમાં દિવ્ય તેજ મધ્યે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અખંડ દેખાવા લાગી આમ શ્રીહરિએ સર્વે અવતારો પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરીને અને પાછા પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડ્યા. એવી મહારાજે તેમના ઉપર કૃપા કરી. તેથી સ્વામી શ્રીહરિનું સર્વોપરીપણું સમજ્યા. અને અંતરમાં મહારાજનો દઢ મહિમા સમજાયો કે ધર્મભક્તિના પુત્ર આ શ્રીહરિ તો સર્વ અવતારોના ઉપરી છે, અક્ષરધામના ધામી છે, મૂળ અનાદિ પુરૂષોત્તમનારાયણ છે. આ બ્રહ્માંડમાં ક્યારેય આવ્યા નથી, પહેલીવાર જ આજ મનુષ્યરૂપે આવ્યા છે. અને તે સ્વરૂપ મને આજ પ્રગટ પ્રમાણ મળ્યું છે. તે વાત સમજાવતાં સ્વામીની છાપી ગજગજ ફૂલાવા લાગી. પછી આવો મહિમા સમજાતાં સ્વામી પળવાર પણ મૂર્તિ મૂકી શકતા નહીં. તેથી શ્રીહરિની તેમના ઉપર વિશેષ કૃપા થઈ. તેમના અંતરમાં મૂર્તિ અખંડ દેખાવા લાગી. અને લૌકિક સ્થિતિ બંધાઈ ગઈ. (સંદર્ભ : અક્ષરપુરૂષોત્તમદાસજી સ્વામીની વા.૧૦)

સોરઠા : ધન્ય આધારાનંદ, પરચા પૂર્યા શ્રીહરિએ; પામ્યા તે આનંદ, મૂર્તિ રહી સદા દિલમાં...૪૨

સુણીને આ પ્રસંગ, અંતરમાં સહુ રાખીએ; લાવી હૈયે ઉમંગ, સર્વોપરિ હરિ જાણીએ...૪૩

સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મહાન સંતો - ભક્તોની ગજબની વાતું છે. જો એકવાર આ મહિમાની વાતું સમજાઈ જાય તો બ્રહ્માંડો ડોલાવી નાખે એવો તે વ્યક્તિ મહાન બની જાય. આ તો તોપના ગોળા જેવી વાતો છે. સમજાઈ જાય તો કાળજું કોરાઈ જાય. હૈયામાં સુખ-શાંતિના ફુવારા છૂટવા લાગે. અખંડ અહો અહો રહે. (ક્રમશઃ)









વાર્ષિક પાટોત્સવ તથા સિહાસનનું ઉદ્‌ઘાટન - શ્રી સ્વામિનારાયણ મંદિર માલેગાંવ




સત્સંગ અભ્યુદય મહોત્સવ - શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સુરત



## અ.નિ.સદ્.શા. શ્રી શ્રીનિવાસદાસજી સ્વામી ખાનદેશી

વડતાલધામના સદ્.શા.સ્વામી શ્રી શ્રીનિવાસદાસજી સ્વામી ગુરુ સદ્.શા.શ્રી હરિસ્વરૂપદાસજી (ખાનદેશી) વૈશાખ વદ ૮ તા. ૧-૬-૨૦૧૩ શનિવારના દિવસે શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં અક્ષરધામ નિવાસી થયેલ છે. તેઓના જવાથી સંત સમુદાય તથા સમત્સ સત્સંગને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓએ જીવનકાળ દરમિયાન ગામડે ગામડે સત્સંગ પ્રચાર કથાવાર્તા અને હરિમંદિરોના જિર્ણોદ્ધારના કાર્યો કર્યા હતા. તેઓ ૧૯૭૫ થી ૨૦૧૨ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર રામપુરા રોડ, સુરતમાં શ્રી નારાયણમુનિદેવના સાનિધ્યમાં છ વખત કોઠારી પદે રહીને સત્સંગ અને મંદિરના વિકાસના મોટા કાર્યો કર્યા હતા. ઉપરાંત અને મોટા ઉત્સવો પણ તેમના કાર્યકાળ દરમિયાન યોજાયા હતા. આ ઉપરાંત ૧૯૯૧થી ૧૯૯૫ સુધી વડતલાના મુખ્ય કોઠારીશ્રી તરીકેની સેવા આપી સત્સંગના વિવિધ કાર્યો કર્યા હતા. તેઓ શ્રીહરિના ધામમાં તો ગયા છે પરંતુ સત્સંગની સેવા કરવાને માટે તેમના સંતો-પાર્ષદોનું આદર્શ, વિદ્વાન, વહીવટકુશળ અને શ્રીહરિની આજ્ઞા અનુસાર નિયમ, નિશ્ચય અ ને પક્ષનું નિષ્ઠાપૂર્ક પાલન કરનાર એવું સંત મંડળ સત્સંગની સેવા કરવા માટે મુકતા ગયા છે. જેમને શાસ્ત્રીજીના વિયોગનું દુઃખ સહન કરવાનું અને સત્સંગની સેવા કરવાનું બળ આપે. શ્રીહરિ સદ્‌ગતના આત્માને નિજ સમીપનું અખંડ સુખ આપે એવી પ્રાર્થના.

# માસિક ભેટ નામાવલી

**(મે - ૨૦૧૩)**

| | | |
|---|---|---|
| ૧૦૧ | શ્રી સમીરભાઈ મૂળજીભાઈ પટેલ | દાંદા |
| ૧૦૧ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર | મહુડિયાપુરા |
| ૧૧૧ | શ્રી પા. દિનુભગત એ.સડથલાવાળા હ. ચંદુભાઈ | વડતાલ |
| ૧૦૧ | શ્રી નિરવભાઈ એચ. ઠાકર | વિદ્યાનગર |
| ૧૦૦ | શ્રી મહેન્દ્રભાઈ ચતુરભાઈ પટેલ | ખેડા |
| ૧૦૧ | શ્રી ચંપકલાલ ઠાકોરદાસ જ્યોતિષી સુરતવાળા | નવસારી |
| ૨૦૧ | શ્રી ડિમ્પુબેન એમ. પટેલ | કરમસદ |
| ૧૦૧ | શ્રી સરોજબેન કિરીટભાઈ રાય | નડિયાદ |
| ૧૫૧ | શ્રી મિહિર ડી. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય | નડિયાદ |
| ૧૫૧ | શ્રી ભાવના ડી. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી અનુસુયાબેન એચ. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી કિશનસિંહ ગભરૂભા ગોહિલ | નવીઆખોલ |
| ૫૦૧ | શ્રી મહેશભાઈ ભાનુભાઈ પટેલ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી રમેશભાઈ ઉદેસીંગભાઈ પરમાર ડે.સરપંચ | વડતાલ |
| ૧૧૧ | શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. દિનેશભાઈ | વડતાલ |
| ૧૧૧ | શ્રી પરસોત્તમભાઈ ભલાભાઈ પરમાર હ.પા.દિનુભગત | બામરોલી |
| ૧૦૧ | શ્રી રાવજીભાઈ ભગવાનદાસ પટેલ (બાલકોવાળા) | જોળ |
| ૧૦૧ | શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. રવિન્દ્રભાઈ | વડતાલ |
| ૧૦૧ | શ્રી ધ્રુવ વિનોદભાઈ પટેલ | ઝાડેશ્વર |
| ૧૦૧ | શ્રી મહેશભાઈ બી. પટેલ | પિપળાવ |
| ૨૫૧ | શ્રી મનુભાઈ ડાહ્યાભાઈ પટેલ | વડતાલ |
| ૧૦૧ | શ્રી દિનેશભાઈ બી. પટેલ | વડોદરા |
| ૧૦૦ | શ્રી વિનોદભાઈ ઈશ્વરભાઈ ગાંધી | માંજલપુર |
| ૧૦૧ | શ્રી હાર્દિકકુમાર એન્ડ ચેતનભાઈ સોની | વડતાલ |
| ૧૦૧ | શ્રી રાજુભાઈ એન. દલવાડી (રાધાકૃષ્ણ પાન સેન્ટર) | વડતાલ |
| ૧૦૧ | શ્રી પા. દિનુભગત ગુ.કો.આશા ભગત સડથલાવાળા | વડતાલ |
| ૧૦૦ | શ્રી પ્રિયંકા ભાવેશભાઈ પંચાલ | જંબુસર |
| ૧૫૧ | શ્રી પંકજભગત ગુ.સોમપ્રકાશદાસજી હ.પા.દિનુભગત | ભૂમેલ |
| ૧૦૧ | શ્રી યુગકુમાર યજ્ઞેશભાઈ સુથાર હ.પા.દિનુભગત | કણજરી જં. |
| ૨૫૧ | શ્રી નિલેશભાઈ ઠાકોરભાઈ પરમાર | ભરૂચ |
| ૧૦૦ | શ્રી નરેન્દ્રભાઈ એ. પટેલ | નડિયાદ |
| ૧૧૧ | શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા - ચશ્માવાળા | નવસારી |
| ૧૦૧ | શ્રી રાગીણીબેન રસિકભાઈ પંચાલ | વણાકબોરી |
| ૧૦૧ | શ્રી મફતલાલ ઘનશ્યામભાઈ મિસ્ત્રી | મુંબઈ |
| ૧૦૧ | શ્રી સરોજબેન જયંતીલાલ ખત્રી | વડોદરા |
| ૧૦૧ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર | મહુડિયાપુરા |
| ૧૦૦ | શ્રી પંકજભાઈ જીવનભાઈ પટેલ | નેત્રંગ |
| ૧૦૧ | શ્રી સુનિલ નવલકુમાર મોદી | સુરત |
| ૧૦૦ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું. હ. સુરેશ કે. પટેલ | વલેટવા |
| ૧૦૦ | શ્રી પ્રફુલભાઈ કાશીભાઈ પટેલ | જીચકા |
| ૧૦૧ | શ્રી પ્રવિણાબેન પાઠક | વડોદરા |
| ૧૦૦ | શ્રી વિપુલ રાણા | વડોદરા |
| ૧૦૦ | શ્રી હરિકૃષ્ણભાઈ જશભાઈ હિરાભાઈ | પૂનિતનગર |
| ૧૦૧ | શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા | મુંબઈ |
| ૧૦૦ | શ્રી નરેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | મોભા |
| ૨૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ બાબુભાઈ બ્રહ્મભટ્ટ | ગોત્રી-વડોદરા |
| ૧૦૦ | શ્રી ભૂમિકા પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૦૧ | શ્રી રણજીતસિંહ પૂનમભાઈ સોલંકી | દેદરડા |
| ૧૦૧ | શ્રી કમળબેન કાન્તિલાલ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી સવિતાબેન અંબાલાલ પટેલ | મોરડ |
| ૧૦૦ | શ્રી સંજયભાઈ ભોગીલાલ પટેલ | અવિધા |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ પારેખ | રણોલી |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ કાનાભાઈ ડોડીયા (ટિમ્બાવાળા) | પેટલાદ |
| ૧૫૧ | શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર | બામરોલી |
| ૧૦૧ | શ્રી દિનેશભાઈ અરજણભાઈ પિત્રોડા | વડતાલ |
| ૧૦૧ | શ્રી રાવજીભાઈ ડાહ્યાભાઈ પરમાર | મોંઘરોલી |
| ૧૦૧ | શ્રી હેમંતકુમાર કનુભાઈ ધોબી | પિપળાવ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જીતેન્દ્રભાઈ | પીજ |
| ૧૦૦ | શ્રી દુષ્યંતકુમાર રમેશભાઈ પટેલ | શિવપુરી |
| ૧૦૧ | શ્રી સમીર મુળજીભાઈ પટેલ | દાંદા |
| ૧૦૧ | શ્રી રંજનબેન જશવંતભાઈ પટેલ | મંજુસર |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામ ટ્રેડર્સ | દાહોદ |
| ૧૦૧ | શ્રી અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ | પંડોળી |
| ૧૦૧ | શ્રી પા.દિનુભાઈ એ.સડથલાવાળા હ.ચંદુભાઈ રોહીત | વડતાલ |
| ૧૧૧ | શ્રી નિરવ એચ. ઠાકર | વિદ્યાનગર |
| ૧૦૦ | શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ | વીણા |
| ૧૦૦ | શ્રી નિલેશભાઈ ચોકસી | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી ચંદ્રકાંત પરસોત્તમભાઈ પટેલ | ગોરવા |
| ૧૦૦ | શ્રી અલ્પેશભાઈ ચિમનભાઈ | મુંબઈ |
| ૧૦૦ | શ્રી સુશિલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) | જીટોડીયા |
| ૧૦૦ | શ્રી પૂજન મહેશભાઈ બી. પટેલ | પિપળાવ |
| ૨૫૧ | શ્રી ગોપાલભાઈ રણછોડભાઈ | વડતાલ |
| ૧૦૧ | શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. દેવેન્દ્ર | વડતાલ |
| ૧૦૧ | શ્રી સોરજબેન કિરીટભાઈ રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી દિક્ષિતભાઈ એચ. રાય | નડિયાદ |
| ૧૦૦ | શ્રી ડિમ્પુબેન એમ. પટેલ | કરમસદ |
| ૨૫૦ | શ્રી અલ્પેશભાઈ ગિરીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૦ | શ્રી મહેશભાઈ બી. પટેલ | પિપળાવ |
| ૧૧૧ | શ્રી પા. દિનુભગત હ.શા.બાલમુકુન્દદાસજી | વડતાલ |

# વડતાલ સ્વામિનારાયણ મંદિર દ્વારા ૧૬૮૫ બાળકો - બાલિકાઓને વિના મૂલ્યે ચોપડા - નોટબુકનું વિતરણ









સમાજના ગરીબ વર્ગના બાળકોના શિક્ષણમાં સહાયરૂપ થવાનો વડતાલ મંદિરે પ્રસંશનીય પ્રયાસ કર્યો છે. વડતાલ, જોળ, રાજનગર, મહુડિયાપુરા, બામરોલી, સંજાય, વલેટવા વગેરે ગામડાઓના ૯૦૦ જેટલા બાળકો અને ૭૮૫ જેટલી બાલિકાઓને આજરોજ પવિત્રાનંદ સ્વામી નિર્મિત પ્રસાદીના સભામંડપમાં વિનામૂલ્યે નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરવાનો આદેશ આપ્યો છે. એ આદેશાનુસાર વડતાલના મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી, પૂર્વ ચેરમેન પ.પૂ.સદ્.શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી, ચેરમેન પ.ભ.શ્રી ભાર્ગવભાઈ રાવ તથા આસીસ્ટન્ટ કોઠારી શ્રી દેવપ્રકાશદાસજી સ્વામીએ મોંઘવારીના રાક્ષસ સાથે ઝઝુમી રહેલા ગરીબ પરિવારોને સહાયરૂપ થવાનો નિર્ણય કર્યો. તેમના આ નિર્ણયથી વડતાલની આસપાસના ૯ ગામડાના ૧૬૮૫ જેટલા બાળકોને ચોપડા-નોટબુક - બોલપેન અને પેન્સીલ પ્રાપ્ત થયા છે.

આજરોજ વડતાલના સભામંડપમાં સમૂહ પ્રાર્થનાથી આ કાર્યક્રમનો પ્રારંભ થયો. સૌ પ્રથમ પ.પૂ.સદ્.શા.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીએ મંગલ પ્રવચન કરી આશિર્વાદ પાઠવ્યા. ત્યાર બાદ મંદિરના ચેરમેન પ.ભ.શ્રી ભાર્ગવભાઈ રાવે બાળક સંસ્કારની પ્રેરક વાતો કરીને બાળકોને સમાજના ભાવી કર્ણધારના રૂપમાં જોવાની વાલીઓને પ્રાર્થના કરી. આ નોટબુકો બાળકોને ભગવાનના આશીર્વાદ છે. વડતાલ મંદિર ભવિષ્યમાં પણ આવા કાર્યો કરવા તત્પર છે. નોટબુક વિતરણની વ્યવસ્થાને અંતે તમામ બાળકોને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

નોટબુક વિતરણ ચેરમેનશ્રી પ.ભ.શ્રી ભાર્ગવભાઈ રાવ, પ.પૂ.સદ્. શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી, પ.પૂ.સદ્.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી (મેતપુરવાળા), પ.પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી, પ.પૂ.સદ્.શ્રી ધર્મજીવનદાસજી સ્વામી, પ.પૂ.શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી, પ.પૂ.શ્રી સ્વરૂપજીવનદાસજી સ્વામી,ના વરદ્ હસ્તે કરવામાં આવેલ. મહિલા વિભાગમાં સાંખ્યયોગી માતાઓ પૂ.દુધીબા તથા અન્ય બહેનો દ્વારા નોટબુક વિતરણ વ્યવસ્થા કરવામાં આવેલ. આ તમામ વ્યવસ્થા મંદિરના આસી. કોઠારીશ્રી દેવપ્રકાશસ્વામીના માર્ગદર્શન પ્રમાણે પ.પૂ. ભક્તિસ્વામી અને પૂ.વલ્લભ ભગત દ્વારા ગોઠવવામાં આવી હતી.

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month

## શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ



# ગુરૂપૂર્ણિમા મહોત્સવ



## અષાઢ સુદ પૂનમ

**તા. ૨૨-૭-૨૦૧૩ને સોમવાર**

**પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય**

**શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન - આશીર્વચન**

**સમય સવારે ૮ થી ૧૦-૩૦**

**સ્થળ : સભા મંડપ, શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ**

## ઓનલાઈન સ્વામિનારાયણ મંત્રલેખન

ટોટલ મંત્રલેખન : ૪૮,૦૩,૨૮૭ ટોટલ રજીસ્ટર્ડ યુઝર્સ : ૯૧૫

**આજે જ લોગઓન કરો www.vadtalmandir.org**

